|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || સજગ કરી દે એ સદ્‌ગુરુ ||

સદ્‌ગુરુ આપણી ભીતર જે વ્યર્થ છે, એનાથી છુટકારો અપાવે છે. જેથી આપણી ભીતર જે 'સાર્થક' છે; એ પોતાની પૂર્ણતામાં, સ્વચ્છતામાં પ્રગટ થઈ જાય. એ આપણને આગમાં નાખશે જ, જેથી કચરો બળી જાય ને આપણું સુવર્ણ નીખરી આવે. સુવર્ણ બળતું નથી, કેવળ નીખરે છે. આપણો પૂર્ણ પ્રકાશ તો પ્રગટ થશે જ, સાથે જ આપણો અંધકાર ખોવાઈ જશે. જીસસે કહ્યું; 'તમે જે નથી એ હું તમારાથી છીનવી લઈશ અને તમે જે છો એ જ તમને દઈ દઈશ.' સૂફી ફકીર બાયઝીદ પોતાના શિષ્યોને કહેતા : 'જ્યાં સુધી તમને જગાડી નહિ દઉં ત્યાં સુધી હું તમને સતાવે જઈશ. તમે ભાગશો તો હું તમારો પીછો કરીશ. પ્રેતની જેમ હું તમારી ચારે તરફ ઘૂમીશ-અને તે ત્યાં સુધી કે તમે જાગી ન જાઓ. અને જે દિવસે તમે જાગી જશો, તમને બીજાની પાછળ લગાવી દઈશ; જેથી તમે તેમને જગાડો.' આમ સંતો આપણને જગાડતા રહે છે. એ કશું નવું આપતા નથી. જે આપણી પાસે છે, એના પ્રતિ સજગ કરી દે છે.

**–સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ ગુરુપૂર્ણિમા પર્વની અનન્યતા ॥

## તા. ૫ જુલાઈ, ૨૦૨૦

'પ્રેમવાલોંને કબ વક્ત પૂછા
તેરી પૂજામેં અય મેરે ઉધો !
યહાઁ દમ દમ પે હોતી હૈ પૂજા
સર ઝુકાને કી ફુરસત નહિ હૈ !'

**—વૃંદાવનના મુસ્લિમ ભક્ત**



# અનુક્રમ


| | | |
|---|---|---|
| 'ગુરુપૂર્ણિમા'ના પવિત્ર અવસરે પૂજ્યશ્રી'મા'નાં આશીર્વચન | | ૫ |
| નિવેદન | | ૬ |
| ૧. ઈશ્વર સૌના ગુરુ છે | શ્રી યોગેશ્વરજી | ૯ |
| ૨. સૌના હૈયે ગુરુ વિરાજે | 'મા' સર્વેશ્વરી | ૧૨ |
| ૩. તેરા સાંઈ તુજઝમેં | શ્રી મહેશભાઈ દવે | ૧૮ |
| ૪. શ્રીયોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૨૦ |
| ૫. અધ્યાત્મની નવી લહર | શ્રી યોગેશ્વરજી | ૨૩ |
| ૬. ધનની તૃષ્ણાનો ત્યાગ કરો | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૬ |
| ૭. ઈશ્વર તમને ચાહે છે ! | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૬ |
| ૮. શાંતિપાઠ | શ્રી યોગેશ્વરજી | ૪૦ |
| ૯. કઠ ઉપનિષદની વિશેષ વિચારણા | શ્રી યોગેશ્વરજી | ૪૪ |
| ૧૦. પ્રભુપાદસ્વામીનું ભગીરથ કલ્યાણકાર્ય | શ્રી યોગેશ્વરજી | ૪૯ |
| ૧૧. પુષ્પપૂજા | સૂરિ નાગમ્મા | ૫૨ |
| ૧૨. શ્રી અવધૂતજી અને શ્રી વિનોબાજી | (શ્રી ધીરુભાઈ, ડૉ. સુભાષભાઈ) | ૫૫ |
| ૧૩. ઈકિગાઈ | ડૉ. હિમાંશુ પાઠક | ૫૭ |
| ૧૪. સમ્યક્ શ્રવણ એટલે શું ? | સંકલન | ૬૨ |
| ૧૫. એક સૂફીકથા | સંકલન | ૬૪ |

**॥ 'ગુરુપૂર્ણિમા'ના પવિત્ર અવસરે પૂજ્યશ્રી'મા'નાં આશીર્વચન ॥**

ૐ

॥ શ્રી યોગેશ્વરાય નમઃ ॥

ગુરુપર્વે આપણે સૌ સાચા સાધક બની
સદ્‌ગુરુએ દોરેલા માર્ગે પગલાં પાડવા શક્તિ માગીએ
મનઅંતરે ગુરુદેવ બિરાજે છે તેને
ઓળખી લેવા પ્રયત્ન કરીએ
'સોંપ્યું તો સંભાળે છે'
આ અનુભવની કહાણી છે.
સૌ ઉપર ગુરુના આશીર્વાદ વરસો.

ૐ

———★———

ૐ

જીવનની કોઈ ધન્યક્ષણે
સદ્‌ગુરુસ્વરૂપે પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ
એ પરમતત્ત્વ સાથેનું અનુસંધાન
જેટલું વધતું રહે તેટલું તે તત્ત્વ
આપણામાં પ્રવેશીને કલ્યાણપંથે
આગળ ને આગળ દોરી રહ્યું છે.

ૐ



# નિવેદન : વિરલ વૈશ્વિક સત્સંગ

આ વર્ષનું 'ગુરુપૂર્ણિમા પર્વ' વૈશ્વિક મહામારીના કારણે દર વર્ષની જેમ પરમ સદ્‌ગુરુ શ્રીયોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ, તેમ પૂજ્યશ્રી'મા'ની તપોભૂમિ તેમજ આપણા પુનિત તીર્થમાં 'સ્વર્ગારોહણ'માં યોજી ન શકાયું. પૂજ્યશ્રી'મા'એ પણ સર્વ સાધકોને પોતાને ઘરે રહી એ પર્વ મનાવવા પ્રેમાનુરોધ કર્યો. પણ બંને ગુરુવર્યોના આશીર્વાદથી તા. ૪, ૫ જુલાઈ બંને દિવસે રાત્રે ૯.૩૦ કલાકે વિદેશમાં વસતા ભક્તોના સૌજન્યથી 'ઝૂમ વિડીયોના માધ્યમ'થી આપણને ઘરે બેઠા 'વૈશ્વિક સત્સંગપ્રસાદ' પ્રાપ્ત થયો.

જેમ સૂર્ય સ્વયં આકાશમાં એક બાજુ રહી, સૃષ્ટિના સમગ્ર પદાર્થોને પ્રકાશથી ભરી દે તેમ પૂજ્યશ્રી યોગેશ્વરજીની સૂક્ષ્મ અને પૂજ્યશ્રી'મા'ની પ્રગટ પરમ ચેતનાની ઉપસ્થિતિના શાન્ત-પ્રસન્ન અધ્યાત્મના પવિત્ર વાયુમંડળમાં 'ગ્લોબલ (વૈશ્વિક) સત્સંગ' ઝળકી ઊઠ્યો. એમાં મુખ્ય સૂત્રધાર શ્રી સમીતભાઈ તેમજ સર્વ સહાયક સત્સંગીઓના પરિશ્રમ-કૌશલ્યની આભા વરતાઈ રહી.

'ગુરુપૂર્ણિમા'નો આખોયે અવસર પ્રત્યક્ષ-પરોક્ષ ઉપસ્થિત ૬૦૦ જેટલા ભક્તોના એમના સદ્‌ગુરુ પ્રત્યેના અનન્ય પ્રેમ-શ્રદ્ધાથી અભિષિક્ત રહ્યો. 'મા'-પ્રભુની બાવની, સંસ્કૃત શ્લોકો-મન્ત્રગાન, બંને સદ્‌ગુરુઓએ રચેલાં પદો-ભજનોના સ્વરગાન, ધૂન, વાદ્યસંગીત, પ્રેમસભર ગીતોના મધુર સ્વરોથી ગુંજતા વાતાવરણમાં અધ્યાત્મની સુગંધ પ્રસરી. તો અનન્ય શ્રદ્ધા-ભક્તિથી સભર હૃદયોના વાર્તાલાપો, ઉદ્‌બોધનો પ્રતીત કરાવી

ગયાં કે, એક અખૂટ પ્રેરણાસ્રોત તરીકે, જીવનના સાચા માર્ગદર્શક તરીકે સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી તેમજ પૂજ્યશ્રી પ્રેમમયી'મા'નાં સ્થાન એમનાં અંતરમાં કેવાં અડોલ-અટલ છે !

પહેલાં વેદકાલીન સમાજમાં ઉપદેશની ગુરુ-શિષ્યની મૌખિક પરંપરા હતી. પછી આશ્રમો, સંઘો, મઠો, મંદિરો જેવાં ધાર્મિક કેન્દ્રો સ્થપાયા. હવે અદ્યતન ટૅકનોલોજીના યુગમાં સમૂહ માધ્યમો જેવાં કે ટી.વી, વિડીયો, ઈન્ટરનેટ, મોબાઈલ, ઍપનું વર્ચસ્વ વધ્યું છે. આ સાધનો પણ અધ્યાત્મની નવી પગદંડી પાડી રહ્યાં છે જે બહુ આવકાર્ય તેમજ સરાહનીય છે. પણ બહાર સાધનોનો ઘટાટોપ ગમે તેટલો વિસ્તરે પણ સાધના તો ભીતર સુધી પહોંચવા જ કરવાની છે.

તેથી પ્રચાર-પ્રસારણમાં વધતા જતા સાધનોના ખડકલા વચ્ચે ય મનુષ્ય પ્રેમનાં શક્તિ-સામર્થ્યને પહેચાને, નમ્ર રહી શરણાગતિનું માહાત્મ્ય સમજે. સર્વત્ર પ્રેમ-ક્ષમાની સર્વોપરીતા સ્થપાય. જીવનની સઘળી પ્રવૃત્તિઓમાં હૃદયસંવાદિતાની મધુરપ રહે તો આ 'ગ્લોબલ-સત્સંગ' જેવી ઉદાત્ત, ભવ્ય વિચારણા પૂર્વ-પશ્ચિમના, દૂર-નજીકના, મારા-તારાના તમામ ભેદો ઓગાળી 'વૈશ્વિક સંવેદનાની' એક એવી લહર ઊભી કરે કે, આ વિશેષ પર્વ ઉજવણીમાં ઓગળી ન જતાં, સમગ્ર જીવનને પર્વ જેવું મનોહર આહ્‌લાદક બનાવી રહે. સૌથી વિશેષ તો આ પર્વની આરપાર રહેલી પરમ પૂજ્ય'મા'ની અખંડ, એકધારી, 'અનન્ય ગુરુભક્તિ'ને, તેઓશ્રીના 'સંપૂર્ણ સમર્પણભાવ'ને ઓળખી શકીએ તો આ પર્વ આપણને ફળ્યું ગણાય. પૂ.શ્રી'મા'એ પોતાની અનુભૂતિથી સિદ્ધ કરી આપ્યું છે કે; 'તમે જ્યારે મંદિરમાં જઈ પ્રાર્થના-પ્રણામ કરો છો એ તો એક ઉપચાર છે પણ જ્યારે આખું અસ્તિત્વ મંદિર બની જાય, તમે



જેને સ્પર્શો એ પ્રાર્થના બની જાય. તમે જે કંઈ કરો એ પ્રાર્થના-પ્રણામ-સાધના બની જાય. તમે અન્યથા કરી જ ન શકો. પૂરેપૂરા અંતર્નિહિત થઈ જાઓ, ભીતર ઊતરી જાઓ. પ્રભુની ગુરુની એકવાર કરુણા અનુભવ્યા પછી કૃતજ્ઞતા એવી પ્રગટે કે, એ પ્રવાહમાં વહ્યા કરવા સિવાય કોઈ કર્તવ્ય જ શેષ ન રહે. તમે સ્વયં પ્રાર્થના, તમે સ્વયં પ્રણામ. તમે સ્વયં કૃતજ્ઞતા થઈ જાઓ. એ જ છે જીવનની સાચી ફલશ્રુતિ !'

—પૂજ્યશ્રી'મા'ની આ અનુભૂતિ, આ દર્શન આપણા સર્વના હૃદયમાં સ્થિર થાય, આવી ભાવાવસ્થાનો આછો-અમથો ઉઘાડ પણ આ પર્વે અનુભવાય તો સંભવ છે કે, 'જાગૃતિની આપણી પ્રતિપદાની (પડવાની) આ ક્ષણ પૂર્ણિમાના પૂર્ણ ચન્દ્ર સુધી આપણને પહોંચાડી સાર્થક કરે. અને તો જ આપણે પરમ પ્રેમમયી 'મા'નાં બાળકો તરીકે પૂ.શ્રી'મા'ને પ્રણામ કરવા અધિકારી બનીએ.'

## ।। પૂજ્યશ્રી'મા'નાં અમીવર્ષણ ।।

ૐ

આજે
સૌ જાણે વરસ્યાં !
સૌએ પોતાના સ્થાને રહીને
જાણે 'ગુરુપૂજા' કરી.
સ્પેનિશ, અંગ્રેજી, ગુજરાતી
ત્રણ ભાષામાં આજનો સત્સંગ થયો.
સૌને ખૂબ ખૂબ અભિનંદન !
સૌ ઉપર પ્રભુની ખૂબ ખૂબ કૃપા વરસો.
આ રીતે હવે મનથી મળીશું.

ૐ

## ॥ ઈશ્વર સૌના ગુરુ છે ॥

ઈશ્વરને ઓળખ્યા પછી માણસ ઈશ્વરમય થાય છે, ઈશ્વરી શક્તિથી સંપન્ન બને છે, ને ઈશ્વરની ઈચ્છા હોય તો તેથી પ્રેરિત થઈને વધારે ઉત્તમ તેમજ અસરકારક રીતે બીજાની સેવા કરી શકે છે એ સાચું છે. બુદ્ધ, ઈશુ, શંકર, નાનક ને સમર્થ રામદાસ જેવા સંતોની સેવા એવી જ હતી. દયાનંદ, વિવેકાનંદને ગાંધીજીની સેવાનો પ્રકાર પણ કાંઈક અંશે એવો જ હતો. તેમની પાછળ પરમાત્માની પ્રેરણા જ કામ કરી રહી હતી. એ મહાપુરુષોએ વિચાર ને શક્તિના જે પ્રબળ પ્રવાહો પેદા કર્યા છે તે આજે પણ જીવંત છે. બીજા અનેકના જીવનના ઉત્કર્ષમાં તે મદદરૂપ થઈ રહ્યા છે. સંસારે એવો એક વધારે પ્રયોગ જોવાનો છે, ને એક જ શા માટે એવા અનેક નાનામોટા પ્રયોગો જોવાના છે. જેની દ્વારા ઈશ્વરમય સમર્થ મહાપુરુષો ઈશ્વરની ઈચ્છાને આધીન થઈને સમાજ, દેશ ને દુનિયાની સુખશાંતિ માટે મહેનત કરતા હોય. સંસારના કેવળ આધ્યાત્મિક નહિ પણ બધા પ્રકારના પ્રશ્નોમાં રસ લેતા ને પથપ્રદર્શન પૂરું પાડતા હોય, ને તે માટે આધ્યાત્મિકતા પર ભાર દેતા હોય. લોકોની વાહવાહ ને પાર્થિવ પ્રલોભનોથી પર રહીને સૌથી પહેલાં તો એમણે મૂંગે મોઢે કોઈપણ જાતની જાહેરાત વિના એકાંતમાં આસન લગાવ્યું હશે ને વરસો સુધી સાધના કરીને ઈશ્વર સાથે સંબંધ બાંધી ઈશ્વરની કૃપા મેળવી હશે. તે પછી જ, લોકોત્તર શક્તિથી સંપન્ન થઈ ને સંસાર પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ, ઈશ્વર તેમને જે સોંપશે તે કામ જ્યાં કહેશે ત્યાં રહી કે ફરીને તે પ્રસન્નતાપૂર્વક તેમજ તદ્દન તટસ્થતાથી કરતા હશે. એવા થોડાક પુરૂષો આ પૃથ્વી પર પ્રકટે તો ખરેખર ક્રાંતિ કરી શકે. એવો એક જ મહાપુરુષ પોતાની હાજરીથી સમસ્ત વિશ્વના વાયુમંડળમાં



શક્તિસંચાર કરી શકે, નવો પ્રાણ પ્રકટાવી શકે, ને વિશ્વશાંતિમાં મહત્ત્વનો ફાળો આપી શકે. માનવતા, ધર્મ ને આધ્યાત્મિકતાનાં મૂલ્યોને તે સંસારમાં સારી રીતે પ્રસ્થાપિત કરી શકે. એ માટે એટલાં લોકોત્તર શક્તિ કે સિદ્ધિ પણ જોઈશે. ઈશુ, શંકર ને કૃષ્ણમાં એવી શક્તિ હતી. વળી તેવા મહાપુરુષની પાછળ ઈશ્વરેચ્છાનું પીઠબળ જોઈએ. મતલબ કે તે પોતાની જ ઈચ્છાથી પ્રેરાઈને તેવું સેવાકાર્ય કરવા તૈયાર થયો ના હોય, તો પણ પ્રભુએ તેને તે માટે પસંદ કર્યો હોય. વિજ્ઞાનના નવાનવા હિંસક આવિષ્કારોની સાથે સંસારમાં આજે જે અશાંતિ, બીક, અનીતિ ને ઈશ્વર પ્રત્યેની અશ્રદ્ધા વધતી જાય છે તે દૂર કરવામાં તે મોટો ભાગ ભજવી શકશે. આ વાત મેં લાંબા વખત પહેલાં કહેલી છે, ને તે સિદ્ધ થશે ત્યારે મને ખૂબ જ આનંદ થશે. તે દિવસ સંસારને માટે સદ્દભાગ્યનો દિવસ હશે. ધર્મ કે આધ્યાત્મિકતાના ઈતિહાસમાં એ દિવસ ને એ ઘટના સુવર્ણાક્ષરે લખાઈ રહેશે. ભૌતિક સુધારણા, સ્પર્ધા ને પ્રખર પ્રત્યક્ષવાદ ને બુદ્ધિવાદના આ યુગમાં આધ્યાત્મિકતાની અગત્યને પ્રસ્થાપિત કરવાનો આથી ઉત્તમ બીજો કોઈ ઉપાય મને નથી દેખાતો. યુદ્ધની વિનાશક તૈયારી કરતી, અણુશસ્ત્રોથી સર્વનાશ કરવા તત્પર થયેલી, સંસારની બે વિરોધી છાવણીઓમાં પણ તેવો ઈશ્વરી કૃપાપાત્ર ને ઈશ્વરી શક્તિથી સંપન્ન મહાપુરુષ જ શાંતિ ફેલાવી શકશે ને શાંતિનો નવો યુગ પ્રકટાવશે, એવા સમર્થ મહાપુરુષનું આગમન અત્યંત આવશ્યક થઈ પડ્યું છે. સમય તેની સાક્ષી પૂરે છે. ગાંધીજીના આગમનથી તેને માટેની ભૂમિકા તૈયાર થઈ છે; ને એના આગમનની શક્યતા જ નહિ પણ ચોક્કસતાનું અનુમાન સહેજે કરી શકાય છે. એ ઘડી જરૂર ને જલ્દી આવે ને સંસાર સુખશાંતિએ સંપન્ન બને એવું આપણે ઈચ્છીશું કોઈએ આ વાતને અશક્ય માનવાની

કે હસી કાઢવાની જરૂર નથી. ઈશ્વરની દુનિયામાં ને ઈશ્વરને માટે કશું જ અશક્ય નથી. તે રજનો ગજ ને ગજની રજ કરી શકે છે. અપંગને ઍવરેસ્ટ પર ચઢાવવાનું કામ તેને માટે જરાપણ મુશ્કેલ નથી. તે ધારે તે કરી શકે છે. તેની ઇચ્છા અમોઘ તથા અટલ ને સર્વોપરી છે. જુઓને, માણસે હવે ઠેઠ ચંદ્રમાં પહોંચવાની તૈયારી પણ કરવા માંડી છે ! થોડા વખતમાં આપણે માણસે ચંદ્રમાં મુકામ કર્યો એવું સાંભળીશું પણ ખરા. માણસ જ્યારે પોતાની બુદ્ધિને વિકસાવીને આવાં અજાયબીભર્યાં કામ કરી શકે છે તો પછી ઈશ્વરને માટે શું મુશ્કેલ છે ? તે તો સર્વજ્ઞ ને સર્વશક્તિમાન છે. અજબ જેવો સંસાર એણે જ ઉત્પન્ન કર્યો છે. તે સૌના સ્વામી ને ગુરુ છે. તથા કયે વખતે શું કરવું તે જાણે છે. કાળ તેમને સ્પર્શી કે અસર કરી શકતો નથી, તે ગુરુ છે એટલે સંસારમાં શાંતિ, જ્ઞાન ને પ્રકાશ ફેલાવવા ગુરુ, મહાપુરુષ કે સંત ને નેતા બનીને પ્રકટ થાય છે. એથી એમને અવતાર પણ કહે છે. જે એમને શરણે જાય છે ને એમનું ધ્યાન ધરે છે તેને તે શાંતિ આપે છે ને પરમ જ્ઞાનથી સંપન્ન કરે છે, આજના જ નહિ પણ ભૂતકાળમાં થઈ ગયેલા સૌના તે ગુરુ છે; પ્રેરક, પોષક તથા પથપ્રદર્શક છે. સૌએ તેમની કૃપાથી જ જ્ઞાન મેળવ્યું છે ને મુક્તિની પ્રાપ્તિ કરી છે. અસત્યમાંથી પરમ સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને મૃત્યુ કે જડતામાંથી અમરતામાં પહોંચવા વૈદિક ઋષિઓએ એમને જ પ્રાર્થના કરી છે. આપણે પણ સંસારના એ પરમ પુરૂષને અથવા આદિ ગુરુને શરણે જઈએ ને એમની સંપૂર્ણ કૃપાની જીવનના મંગલ માટે કામના કરીએ.

**—શ્રી યોગેશ્વરજી**

**(યોગદર્શન)**



# ॥ સૌના હૈયે ગુરુ બિરાજે ॥

સૌના હૈયે ગુરુ બિરાજે
  શ્વાસે શ્વાસે સ્મરી લઈએ
મન માંજીને મનના ગુરુને
  મન મૂકી મળી લઈએ
જીવન આંગણે ભીડ ન કરીએ
  એકલા ગુરુ સંગ રહીએ
પોતે પોતાના ગુરુ બનીને
  સાચા શિષ્ય બની જઈએ
આતમદેવને ઓળખી લઈએ
  અલખના દેશમાં રમીએ
ગુરુપર્વને નિત્ય મનાવીને
  ગુરુને ગમતા થઈએ
શ્રી ગુરુચરણે મસ્તક મૂકીને
  સર્વ સમર્પણ કરીએ
સર્વેશ્વરીના ગુરુ કહે તે
  હસતાં વધાવી લઈએ
ગુરુસ્વરૂપે એક બનીને
  ત્રિલોકે મોજ કરીએ
ૐ

**—'મા' સર્વેશ્વરી**

# ॥ એક પ્રાણવાન પદ ॥

કેલેન્ડરમાં પાંચમી જુલાઈએ આવતા 'ગુરુપૂર્ણિમા-પર્વ'ને વધાવવા જતાં પૂજ્યશ્રી'મા'ની શ્રીકલમે એક પ્રાણવાન રચના સહજ સિદ્ધ થઈ જાય છે. પૂ.'મા' રચિત આ પદમાં સઘળા વેદ-ઉપનિષદોનો અર્ક છે, નિષ્કર્ષ છે. તો સાથે જ ગીતાકાર શ્રીકૃષ્ણનો સૌહાર્દભાવ છલકે છે. અર્થાત્ વિષયવસ્તુ તત્ત્વજ્ઞાનનું પણ નિરૂપણ સખ્યનું; કેમકે પર્વતની ટોચ પર રહેતાં 'મા' ત્યાંથી 'સંદેશ' આપવાને બદલે તળેટીમાં આપણી વચ્ચે-આપણી સાથે રહી સંવાદ-હૃદયસંવાદ કરતાં સર્વપ્રથમ તો એક સ્પષ્ટ-સીધી વાત-સાદા સત્યરૂપે કહી દે છે; 'સૌના હૈયે ગુરુ બિરાજે.' ગુરુ સર્વ કોઈના હૃદયમાં બિરાજમાન છે. એ આપણી ભીતર જ છે. આપણે એનાથી અજાણ હોવાથી આપણે વિસારી દેવાની ભૂલ કરીએ છીએ, એ સુધારી પ્રત્યેક શ્વાસે એને યાદ રાખવાની સતત સ્મરણમાં રાખવાની જવાબદારી આપણી છે.

ગુરુતત્ત્વ જેવા ગહન વિષયની પહેચાન 'મા' પ્રથમ પંક્તિમાં કેટલા સાદા-સીધા શબ્દોમાં સ્ફુટ કરી આપે છે ! ક્યાંય આદેશ-ઉપદેશ નથી, આપણને સર્વને સાથે લઈને ચાલવાની વાત છે એટલે જ 'સ્મરી લો' ન કહેતાં 'સ્મરી લઈએ' એમ કહ્યું છે. આમ શ્રીગુરુનું કાયમી સરનામું, શાશ્વત વસવાટ આપણું હૃદય છે. બસ એટલું યાદ રહે. આપણો એકે શ્વાસ એની સ્મૃતિ વિનાનો ન હોવો જોઈએ. પદની આરંભની આ બે પંક્તિઓમાં



જ પદનું રહસ્ય ખુલ્લું થઈ જાય છે. આપણામાં, આપણા જેવા સૌમાં ગુરુ બિરાજમાન છે. એ યાદ રાખવાનું છે.

કિન્તુ માણસ અંતઃપ્રતીતિથી ચાલતો નથી, ભીતરી સત્યથી સંતુષ્ટ નથી રહેતો એને બાહ્ય પુરાવા-પ્રમાણો જોઈએ છે. સૂક્ષ્મ નહિ, સ્થૂળ આધારો જોઈએ છે. એટલે તે મનના ગુરુની તલાશમાં ઉદ્યમ કરે છે. 'મા' સૂચવે છે તેમ; 'ચાલો પહેલા પગથિયા (starting point)' તરીકે એ પણ બરાબર છે. પણ મનના ગુરુને પામવા અશુદ્ધ-મલિન મન લઈને ન જવાય, એને માંજવું પડે, શુદ્ધ કરવું પડે. ભલે પછી મનના ગુરુથી જ મનને રીઝવી લેવાય ! ત્યાં જ અઠે દ્વારકા ભલે થાય !

પણ મન એટલું તો ચંચળ છે કે, આજે એક ગુરુની કંઠી બાંધે તો કાલે બીજા ગુરુની પાછળ દોડે. તેથી 'મા' સાવધ કરતાં કહે છે : 'જીવનઆંગણે ભીડ ન કરીએ, આંગણામાં ભીડભાડ ન ચાલે, પસંદગીના પાત્રને જ આવકાર હોય.' વળી ગુરુ પાસે 'એકલા' રહેવાય. (સ્વજનો-સગાંસંબંધીઓનો પદનો, પ્રતિષ્ઠાનો, ધનનો વરઘોડો લઈને ન જવાય, ન રહેવાય.) આપણે ખાલી હોઈએ તો જ ભરાઈએને !

અરે ! શ્રીગુરુની સ્થૂળ સંનિધિ કદાચ અલભ્ય પણ બને તો 'મા' કહે છે : 'પોતે પોતાના ગુરુ બની જવાનું !' પણ સાવધાન ! ગુરુપદનો અહંકાર મસ્તકમાં ભરી નથી દેવાનો-'ગુરુ બનવું' એટલે 'સાચા શિષ્ય' બનવું. સાચો શિષ્ય તો એ જ કે જેનામાં જિજ્ઞાસા છે, સત્ય શીખવાની, જાણવાની, પામવાની પ્રબળ ઝંખના છે. એ જ ગુરુ બને, પથપ્રદર્શક બની શકે.

આમ, આતમદેવને ઓળખી લઈ, અલખના દેશમાં રહીએ. સાકારમાંથી નિરાકાર તરફ, દૃષ્ટથી અદૃષ્ટ સુધી સહેજે પહોંચીએ.

પછી તો ગુરુપર્વ વિશેષ તારીખ-તિથિએ આવી જતું ન રહે, 'નિત્ય' રહે. અર્થાત્ એક દિવસ ગુરુમાહાત્મ્ય કરી, એને વિસારી દેવાની ધૃષ્ટતા ન કરીએ. હરપળ એનો મહિમા હૃદયમાં રહે. ગુરુ વ્યક્તિ મટી, હૃદયસ્પંદ બની જાય; તો આપણે તેને ગમતા થઈએ. પારસ્પરિક પ્રેમ એ જ ગુરુશિષ્યનો પવિત્ર સંબંધ ! આત્મા-પરમાત્માનો અનુબંધ !

આવા સાચા ગુરુની ઓળખાણ થઈ જાય. સાચા ગુરુની અંતઃપ્રતીતિ થઈ જાય તો એમના શ્રીચરણે મસ્તક મૂકીએ, સર્વસમર્પણ કરીએ. અર્થાત્ આપણાં નામ, રૂપ, પદ બધું ધરી સહેજે નિઃશેષ થઈ જઈએ. અસ્તિત્વવિલોપનની પવિત્ર-મંગળ ક્ષણ સહજ વધાવી લઈએ, એમાં ચૂક ન કરીએ.

આવી ગુરુતત્ત્વની પૂર્ણ પહેચાન ત્યારે જ શક્ય બને જ્યારે પૂ.શ્રી'મા' કહે છે તેમ, 'સર્વેશ્વરીના ગુરુ કહે તે હસતાં વધાવી લઈએ.' આપણને પ્રશ્ન થાય 'સર્વેશ્વરીના ગુરુ' એટલે કોણ ?

૧. પૂ.શ્રી'મા' પોતાના આ પદમાં જ સળંગ સૂચવી રહ્યા છે તેમ; 'મા' સર્વેશ્વરી સ્વયં. (કેમકે સૌમાં ગુરુ બિરાજે, તો આપણી સર્વની પ્રતીતિ છે કે, આપણા 'મા'માં તો ગુરુ સવિશેષપણે બિરાજમાન છે.)

૨. સર્વેશ્વરીના ગુરુ એટલે સર્વવિદિત સત્ય : પરમ વંદનીય શ્રી યોગેશ્વરજી.



૩. 'મા સર્વેશ્વરી સૌના હૈયે ગુરુ વિરાજે' એમ પદારંભે કહે છે. એટલે આપણે સૌ પણ ગુરુ, આપણા સર્વના આત્મા આપણા ગુરુ ! ને આપણી ભીતર-બહાર, આસપાસ-આજુબાજુ સર્વત્ર બિરાજમાન ગુરુ એને 'પરમાત્મા' રૂપે ઓળખી શકાય. એ કહે; શબ્દો દ્વારા, કે મૌન દ્વારા ! પણ એમને જે કંઈ અભિપ્રેત હોય એ સઘળું હસતાં-સહર્ષ-વધાવી લઈએ. અર્થાત્ સુખદુઃખ, હારજીત, આશા-નિરાશા, શ્રી ગુરુ પાસેથી જે કોઈ ઉપહાર મળે તેનો સ્વીકાર કરીએ, કેમકે, એ જે કહેશે-સૂચવશે, એ કેવળ 'આપણા માટે જ નહિ, સર્વ માટે હિતકારી, મંગલકારી હશે.' સમષ્ટિના અમંગળનિવારણના એક માત્ર શુભ હેતુથી જ કહેશે-સૂચવશે એવી દૃઢ શ્રદ્ધા, અખંડ વિશ્વાસ રહે, સંપૂર્ણ પ્રેમ-સમર્પણ રહે તો આપણે અને શ્રીગુરુ અભિન્ન, એકરૂપ થઈ જઈએ. (ગુરુનું કહેવું ને આપણું કરવું એક બની જાય)

તો પછી મોજ જ મોજ. આનંદ જ આનંદ અને તે ય આ લોકનો જ નહિ, 'ત્રિલોકનો પરમ આનંદ' બની જાય.

આમ પૂજ્યશ્રી 'મા' રચિત આ પદ 'ગુરુ' એટલે કોઈ વ્યક્તિ કે વિભૂતિ નહિ પણ પરમ ચૈતન્યસ્વરૂપ-'પરમાત્મા' સ્વયં ! જે આપણા સર્વમાં પણ 'આપણા ચૈતન્યસ્વરૂપ' તરીકે બિરાજમાન છે; એવો અર્થપ્રસાર કરીને, ગુરુવિષયક આપણી સંકીર્ણ-સંકુચિત માન્યતાઓના કૂંડાળામાંથી બહાર કાઢી, 'સાચા ગુરુતત્ત્વ'નો ઉઘાડ કરનારી એક અનુપમ કાવ્યરચના બની રહે છે.

પરમતત્ત્વ એક જ, અદ્વિતીય અને પૂર્ણ છે. આપણે પણ

જેવા છીએ તેવા પણ પૂર્ણ છીએ, કેમકે પરમાત્મા આપણી અંદર બિરાજમાન છે. પ્રખર તાત્ત્વિક સમજણ પૂજ્યશ્રી'મા' નિતાન્ત સાદા અને સરળ સાથે જ અત્યંત સુંદર શબ્દોમાં મઢી લઈ આપણને જાણે હળવાશથી કહે છે : 'તમે જ્યાં ઊભા છો ત્યાં શાંતિથી જોઈ લો, જે પ્રભુ બતાવે તે. કશું માગો નહિ. કશું જાણવા હાંફળા-ફાંફળા ન થાઓ. માત્ર તમારા અંતર્યામીને ભીતરી સ્વરૂપને ઓળખો બસ !'

સૂક્ષ્મ-ગંભીર વિષય સામાન્યમાં સામાન્ય માણસને સમજાય અને ગળે ઊતરી જાય એવા રાગમાં-આકર્ષક લય-લઢણમાં મધુર સંગીત-સ્વરમાં પ્રસ્તુત કરી શકવાની ક્ષમતા સિદ્ધ કરી પૂ.શ્રી'મા'એ તેઓશ્રીની અન્ય રચનાઓની જેમ આ રચનાને પણ અનેરા કાવ્ય સૌન્દર્યથી મઢી લીધી છે.

જુલાઈ-૨૦૨૦ની ગુરુપૂર્ણિમાનો પરમ પ્રેમમયી'મા'નો આ ઉપહાર-સદ્ગુરુ અદૃષ્ટ રહીને પણ તત્ત્વદર્શનથી આપણને કેવા ન્યાલ કરી દે છે-એનું ઉજ્જવલ, અવિસ્મરણીય ઉદાહરણ છે. પરમ પ્રેમમયી 'મા'નાં શ્રીચરણોમાં આપણા કોટિ કોટિ પ્રણામ !

—ભાવક

'You are surrounded by sunlight, yet to see the sun. You must turn in its direction and look at it.'



## ॥ તેરા સાંઈ તુજઝ મેં ॥

તેરા સાંઈ તુજઝ મેં જ્યોં પુહુપન મેં બાસ,
કસ્તૂરી કા મિરગ જ્યોં ફિર ફિર ઢૂંઢૈ ઘાસ.
જા કારન જગ ઢૂંઢિયા સો તો ઘટ હી માહિં,
પરદા દીયાં ભરમ કા તાતે સૂઝે નાહિં.
સમઝૈ તો ઘર મેં રહે પરદા પલક લગાય,
તેરા સાહેબ તુજઝ મેં અનંત કહૂં મત જાય.
જેતા ઘટ તેતા મતા બાની બહુ ભેખ,
સબ ઘટ વ્યાપક હવે રહા સોઈ આપ અલેખ.
ભૂલા ભૂલા ક્યા ફિરે સિર પર બંધિ ગઈ બેલ,
તેરા સાંઈ તુજઝ મેં જ્યોં તિલ માંહી તેલ.
જ્યોં તેલ માંહી તેલ હૈ જ્યોં ચકમક મેં આગિ,
તેરા સાંઈ તુજઝ મેં જાગિ સકૈ તો જાગિ.
જ્યોં નૈનન મેં પૂતરી યોં ખાલિક ઘટ માંહિ,
મૂરખ લોગ ન જાનહીં બાહર ઢૂંઢન જાહિં.
પાવક રૂપી સાંઈયાં અબ ઘટ રહા સમાય,
ચિત ચકમક લાગૈ નહિ તાતે બુઝિ બુઝિ જાય.

## ॥ ચેતનાનું અંતર્વ્યાપ્ત સ્વરૂપ ॥

ઈશ્વર સર્વવ્યાપી છે એ એક વાત છે અને અંતર્વ્યાપ્ત છે એ બીજી વાત છે. અર્થાત્ ઈશ્વર આપણી ભીતરે ય છે અને વિભૂતિરૂપે બહાર રહેલી સર્વોપરી સત્તા પણ છે. વળી જે ચેતના અંદર છે તે જ બહાર છે. બલકે બહાર દેખાય છે એ માયા છે. અંતર્વ્યાપ્ત એ જ સર્વવ્યાપ્ત છે. આત્મા એ જ પરમાત્મા એ વિભાવના દૃઢ કરી છે.

કબીરજી કહે છે ચેતનરૂપ તારી અંદર જે છે-'તેરા સાંઈ તુજઝ મેં' પુષ્પની સુગંધ જેમ પુષ્પમાં જ છે તેમ ! મૃગ કસ્તૂરી ક્યાંક બહાર છે એમ સમજી, આકળવિકળ થઈને કસ્તૂરીની બહાર ઘાસમાં શોધવા ઝાંવાં મારે છે.

જેની તલાશમાં આખા જગત ફાંફાંફોળાં કર્યાં એ તો અંદર જ છે પણ ભ્રમના પડદાને લીધે તેને કાંઈ સૂઝતું નથી. ચૈતન્યતત્ત્વ અંદર જ પડ્યું છે એ જે જાણે છે તે પાંપણના પલકાર બંધ કરી, ભીતર નિહાળે છે.

તારો સાહેબ તારામાં જ છે, એ અનંત વિશે શું કહેવાય ? જેટલાં માથાં એટલી વાત, બહુ વાણી અને વેશ ! તે બધાનાં અસ્તિત્વમાં વ્યાપક છે, એ જ સ્વયં અલેખ રહ્યો છે.

ભૂલ્યો-ભટક્યો તું શું ફરે છે ? જોને માથા પર વેલ જંજાળની કેટલી જટાજૂટ થઈ ગઈ છે ! તારો સાંઈ તારામાં છે જેમ તલમાં તેલ ! જેમ તલમાં તેલ છે તેમ ચકમકમાં અગ્નિ છે. તારો સાંઈ તારામાં છે, જાગી શકે તો જાગ.

જેમ આંખમાં કીકી છે એમ આત્મામાં બ્રહ્મ છે. મૂરખ લોકો જાણતા નથી તેથી બહાર શોધવા જાય છે.

પાવકરૂપી સાંઈયાં ઈશ્વરનો ચૈતન્યપ્રકાશ પ્રત્યેક ઘટમાં સમાયો છે. પણ ચિત્ત-ચકમકના પથ્થર એકબીજા સાથે અથડાય નહિ, પરસ્પર ઘર્ષણમાં ન આવે તો પ્રકાશ લાધે નહિ. ચિત્ બુઝાયેલું રહે, બુઝાઈ જાય અર્થાત્ જ્ઞાનપ્રકાશના અભાવે અજ્ઞાન-તિમિરમાં અટવાય.

આમ, કબીરે સૂક્ષ્મ ચેતનતત્ત્વને અવનવાં રૂપકો દ્વારા (પુષ્પ, કસ્તૂરી, તલ-તેલ, આંખ-કીકી, ચકમકથી) સ્ફુટ કરવાનું કવિકર્મ કર્યું છે.

**શ્રી મહેશભાઈ દવે**

**('કહત કબીરા')**



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૮**
**તા. ૨-૨-૮૩, બુધવાર, મહા વદ પાંચમ ૨૦૩૯**
**ગ્રેહેમ્સ ટાઉનથી કીંગવિલિયમ ટાઉન**

વાતાવરણ ઠંડું છે.વરસાદ વરસી રહ્યો છે. ઉતારાનો ઓરડો ઘણો દૂર હતો. જેથી તેને ફેરવવાનો પૂ.શ્રીએ આગ્રહ રાખ્યો. તે મુજબ નવા ઓરડામાં રાત્રિ પસાર કરી. ઓરડાની બહાર ખુલ્લી જગ્યા છે, જેથી વરસતા વરસાદમાં થોડું ચાલવું પડે એમ છે.

શ્રી રાધાસ્વામી સંપ્રદાયના બિયાસના શ્રી ચરણદાસ મહારાજની જુદી જુદી ચાર-પાંચ છબીઓ ઓરડામાં ભીત ઉપર જોવા મળી. રાધાસ્વામી સંપ્રદાયનાં જે ભાઈબહેનો હોય છે તેઓ સંપૂર્ણ શાકાહારી હોય છે. એ રીતે આ પરિવાર પણ સંપૂર્ણ શાકાહારી છે.

બપોરે અમે અમારું ભોજન જાતે બનાવી લીધું.

ભોજન બાદ થોડી વાતો થઈ. થોડો આરામ કરીને સાંજે સાડા ચાર વાગ્યે અહીંથી નીકળી બે કલાકની ગાડીની મુસાફરી શરૂ કરી. કીંગવિલિયમ ટાઉનમાં શ્રી મોહનભાઈને ત્યાં આવી ગયાં. ઘરનાં બધાં સભ્યો પ્રેમાળ અને ભાવિક લાગ્યાં.

અહીંથી અર્ધા કલાકની મુસાફરી બાદ ઈસ્ટ લંડન પહોંચી શકાય. તેથી અહીં બધી જ સગવડ હોવા છતાં

પ્રવચન બાદ ઈસ્ટ લંડન જ પહોંચી જવાની વાત વિચારવામાં આવી.

શ્રી મોહનભાઈનાં માતાપિતા શ્રીમદ્ રાજચંદ્રને માનનારાં છે. બાળકો કૃષ્ણ, રામ, માતાજી બધાંને જ માનનારાં છે. પરિણામે, ઘરમાં બે દેવસ્થાનો એક જ ઓરડામાં છે. શ્રીમદ્ રાજચંદ્રને માનનારાં અહીં પણ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરવાનો અને શુદ્ધ શાકાહારી રહેવાનો નિયમ પાળે છે.

આજના પ્રવચનમાં પૂ.શ્રીએ શ્રીમદ્ રાજચંદ્રની એક કાવ્યપંક્તિ ઉપર પ્રકાશ પાડ્યો.

પ્રવચન બાદ રાત્રે પોણા દશે ત્યાંથી નીકળીને ઈસ્ટ લંડન સાડા દશ વાગ્યે આવી ગયાં. માર્ગમાં શ્રી દિનકરભાઈએ વાતો કરતાં કહ્યું: આજે હું મારા કામ ઉપરથી ઘેર આવ્યો ત્યારે ખૂબ જ અશાંત હતો. મને માનસિક સ્વસ્થતા ન હતી. પરંતુ શ્રી યોગેશ્વરજી પાસે આવીને પ્રણામ કર્યા કે તરત જ મને ખૂબ શાંતિ મળી. પ્રવચનમાં પણ મને ઘણી શાંતિ મળી. તો એનું શું કારણ?

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યું: સૂર્ય તરફ જઈએ તો પ્રકાશ મળે જ, બગીચામાં જઈએ તો સુગંધ મળે જ, એ રીતે સંતો પાસે જઈએ તો આપણી પોતાની ભૂમિકા પ્રમાણે ઓછીવત્તી શાંતિનો અનુભવ થાય જ. સંતોની હાજરી ને સંતોની વાણી એવી અસરકારક હોય છે.

શ્રી દિનકરભાઈએ બીજા પણ પ્રશ્નો પૂછ્યા :



- ક્રોધને શાંત કરવા શું કરવું ?
- જીવનમાં સફળતા મેળવવા શું કરવું?
- આપને હિમાલય જવાનો વિચાર ક્યારે આવેલો?
- આપનો ખોરાક શું? આપની સાધના કેવી હતી?

પૂ.શ્રીએ શાંતિથી બધા ઉત્તરો આપ્યા. એથી તે ભાઈને ખૂબ જ આનંદ થયો.

શ્રી રામલાલ લહરીને ત્યાં અમારો આજનો ઉતારો હતો. તે ભાઈએ નીચા નમીને પૂ.શ્રીને પ્રણામ કર્યા. થોડી વાતો થઈ.

શ્રી લહરીના વિશાળ મકાનમાં અમારો ઉતારો ભોંયતળિયે આવેલા શાંત ઓરડામાં હતો. તે ઓરડામાં અંગ્રેજી પુસ્તકોનો ભંડાર હતો.

ઓરડામાં બે પલંગો, ટેબલ, ખુરશીઓ વગેરે હતું. ત્યાં સામાન ગોઠવી દીધો.

દૂધ ને ફળ તો શ્રી મોહનભાઈને ત્યાં લીધાં હતાં, જેથી અહીં આરામ જ કર્યો.

હરિઃ ૐ

**–'મા' સર્વેશ્વરી**

**'કહત કબીર કોઈ સંતજન જૌહરી**
**કરમ કી રેખ પર મેખ મારૈ.'**

# ॥ અધ્યાત્મની નવી લહર ॥

ભારતીય સંસ્કૃતિના સનાતન સર્વોપયોગી સ્વર્ણસંદેશને માનવજાતિના પરમ મંગલને માટે વહેતો કરનાર અદ્‌ભૂત ગ્રંથરત્ન ઉપનિષદમાં શાશ્વત શાંતિને મેળવવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. ઉપનિષદના ઋષિઓ જણાવે છે કે, માનવ જ્યાં સુધી પ્રકૃતિના પદાર્થોને પૂજે છે, ઉપાસે છે, પ્યારા સમજે છે, અને પ્રકૃતિના રૂપરંગરસમાં મમતા અથવા આસક્તિ કરે છે ત્યાં સુધી એનો અસંતોષ નથી મટતો, એને શાશ્વત શાંતિ નથી મળતી, અને એના જીવનમાં ધન્યતાની વીણા નથી વાગતી. માનવની આગળ શ્રેય અને પ્રેયના દ્વિવિધ માર્ગો આવતા હોય છે. પ્રેયનો માર્ગ પ્રાકૃતિક પદાર્થો તથા વિષયોની પ્રીતિ અને પ્રાપ્તિનો અથવા સાંસારિક સુખાકારી કે સમુન્નતિનો હોય છે અને શ્રેયનો માર્ગ મુખ્યત્વે આત્મકલ્યાણનો, પરમાત્માને ઓળખવાનો અથવા પરમાત્માભિમુખ બનવાનો. મંદબુદ્ધિવાળા માનવો પ્રેયના પંથને જ પસંદ કરે છે અને પ્રેયના પંથે પ્રયાણ કરે છે, પરંતુ સદ્‌બુદ્ધિસંપન્ન માનવોના સંબંધમાં એવું નથી બનતું. તે તો સ્પષ્ટ રીતે સમજે છે કે સમસ્ત સંસારનું ઐશ્વર્ય, સુખોપભોગયુક્ત સામ્રાજ્ય અથવા આધિપત્ય પામ્યા પછી પણ, પ્રકૃતિની આરાધનાના અતિરેક પર પહોંચ્યા પછી પણ, જીવનની સંપૂર્ણ સુખાકારી, શાંતિ, સમુન્નતિ, સફળતા તેમ જ સાર્થકતાને માટે પરમપુરુષ પરમાત્મા તરફ વળવાનું અનિવાર્ય રીતે આવશ્યક છે. આત્મકલ્યાણ અથવા શ્રેયના સાધનને અપનાવ્યા સિવાય જીવન સંપૂર્ણ બનતું નથી અને



શરીરધારણનું સાર્થક્ય નથી સધાતું. એવા સદ્‌બુદ્ધિસંપન્ન માનવો પ્રકૃતિના પદાર્થો, વિષયો અને પ્રાકૃતિક આકર્ષણોમાંથી પોતાના મનને પાછું વાળીને પરમપુરુષ પરમાત્માની આરાધના આદરે છે. અને પરમાત્માનો સાક્ષાત્કાર સાધીને શોક, મોહ, બંધન, અશાંતિ, અવિદ્યામાંથી મુક્તિ મેળવે છે. ઉપનિષદના સ્વાનુભવસંપન્ન ઋષિઓએ એ સંદર્ભમાં જ કહ્યું છે કે કેવળ આત્મદર્શી અથવા પરમાત્મદર્શી પુરુષો જ શોકને તરી શકે છે અથવા મોહમાંથી મુક્તિ મેળવે છે અને પરમાનંદ તેમ જ પરમશાંતિને પ્રાપ્ત કરે છે. तरति शोकमात्मवित् ।

ઈંગ્લૅન્ડ જેવા દેશની પ્રજાને એ વિચારધારા ઓછાવત્તા પ્રમાણમાં સમજાવા લાગી છે. પશ્ચિમમાં પ્રેયની ઉપાસના પરાકાષ્ઠાએ પહોંચી છે. ત્યાં સાંસારિક સમૃદ્ધિ તથા સુખાકારી સંપૂર્ણતાએ પહોંચી ચૂકી છે એમ કહીએ તો ચાલે. વિજ્ઞાનની શોધો દિનપ્રતિદિન નવાનવા વિક્રમો સરજતી જાય છે ને સુખોપભોગનાં નવાંનવાં સાધનો પૂરાં પાડે છે. માનવે વિજ્ઞાનની મદદથી પૃથ્વીની પ્રદક્ષિણા કરી, ચંદ્ર તથા મંગળમાં ઉતરાણ કર્યું, બાહ્ય જગતનું અથવા અવકાશનું સંશોધન કરીને અનેક પ્રકારનાં આશ્ચર્યકારક રહસ્યોને શોધી કાઢ્યાં, રેડિયો તથા ટેલિવિઝનની શોધ કરી, અને પ્રકૃતિને નાથવાના પ્રયોગો કરીને વ્યક્તિગત તેમ જ સમષ્ટિગત જીવનને સુખમય કરવાના ને સમૃદ્ધ બનાવવાના સફળ પુરુષાર્થો આદર્યા. પરંતુ ભૌતિક સમૃદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા પછી પણ માનવના અંતરાત્મા અતૃપ્ત અથવા અશાંત છે, એને જીવનમાં કાંઈક ખૂટતું લાગે છે. માનવના એક વર્ગને સાચી સનાતન શાંતિની

ભૂખ લાગી છે, અને સમજાવા માંડ્યું છે કે મનબુદ્ધિ તથા ઈન્દ્રિયોનો સંયમ સાધવામાં નહિ આવે અને અનાત્મ પદાર્થોમાંથી મનને પાછું વાળીને આત્માભિમુખ કરવામાં નહિ આવે ત્યાં સુધી જીવનમાં સાચી શાંતિની સંસ્થાપના નહિ થઈ શકે. એ વર્ગ વધારે ને વધારે પ્રમાણમાં આધ્યાત્મિક જીવન જીવવા માટે કટિબદ્ધ બન્યો છે. એ એક અત્યંત આવકારદાયક અને આનંદકારક હકીકત છે. એ વર્ગ ત્યાં ધ્યાનમાં, યોગાભ્યાસમાં, સંકીર્તનમાં, પ્રભુપ્રાર્થનામાં, માંસાહાર, ધૂમ્રપાન તથા દારૂ-શરાબના ત્યાગમાં રુચિ રાખતો થાય છે એ વસ્તુ સવિશેષ નોંધપાત્ર છે. પશ્ચિમમાં એવી એક નવી લહર, આધ્યાત્મિક જીવનની અભિરુચિની નવી લહર પેદા થઈ છે. એ પ્રજા સાંસારિક સુખોપભોગોથી, વૈભવથી, વિલાસથી કંટાળી છે એવું કહેવાને બદલે ઉપરામ બની છે એમ કહેવું વધારે યોગ્ય થસે. એના એક વર્ગને જીવનના સાચા રહસ્યને હસ્તગત કરવાની અથવા ઉકેલવાની આકાંક્ષા છે. એની લગન છે. એના સિવાય સંતોષ નથી. પરિણામે એણે પોતાના પુરુષાર્થના પ્રવાહને પલટાવ્યો છે.

**—શ્રી યોગેશ્વરજી**

**(સમંદરને પેલે પાર)**

'મનનો શોરગુલ સમાપ્ત થતાં જ તમને 'શાશ્વત નિઃશબ્દ'—ભીતરના સદ્‌ગુરુનું મૌન—અનાહતનો નાદ સંભળાશે.'



# ॥ ધનની તૃષ્ણાનો ત્યાગ કરો ॥

मूढ जहीहि धनागमतृष्णां कुरु सद्बुद्धिं मनसि वितृष्णाम् ।
यल्लभसे निजकर्मोपात्तं वित्तं तेन विनोदय चित्तम् ॥ २ ॥

મૂઢ-હે મૂર્ખ ! जहीहि-છોડી દે, ધન-આગમ-तृष्णाम्-ધન પ્રાપ્ત થવાની તૃષ્ણા, ધનસંચયની લાલસા, कुरु-કર, सद्बुद्धिम्-સદ્‌બુદ્ધિ, मनसि-મનમાં, वितृष्णाम्-તૃષ્ણાસાહિત્ય, यद्-જે કાંઈ, लभसे-મળે છે, પ્રાપ્ત થાય છે, निज कर्म उपात्तम्-પોતાનાં કર્મથી પ્રાપ્ત થયેલું, वित्तम्-ધન, तेन-તેનાથી, विनोदय-પ્રસન્ન રાખ, સંતુષ્ટ રાખ, चित्तम्-ચિત્ત, મન.

હે મૂઢ ! ધનસંચયની લાલસા છોડી દે, તૃષ્ણા રહિત થઈને (લોભરહિત થઈ) મનમાં સદ્‌બુદ્ધિ (ધારણ) કર. પોતાનાં કર્મ અનુસાર જે કાંઈ ધન મળે છે તેનાથી તારા ચિત્ત (મન)ને પ્રસન્ન રાખ, સંતુષ્ટ રાખ. (૨)

શંકરાચાર્ય આ શ્લોકમાં ધનસંચયની લાલસા ધરાવનાર મનુષ્યને મૂર્ખ કહે છે. ધન (વિત્ત) પોતે અનર્થકારી નથી પણ તેની અનર્ગળ તૃષ્ણા અનેક અનર્થોને જન્માવે છે. તૃષ્ણાનો કદી અંત આવતો નથી. તૃષ્ણાવાનને જે કંઈ મળે છે તે તેને હંમેશાં અપૂરતું જ લાગે છે. તૃષ્ણા જ લોભ જન્માવે છે. આ લોભવૃત્તિ. તૃષ્ણા આધ્યાત્મિક માર્ગની મોટામાં મોટી મુશ્કેલી છે, અડચણ છે. સામાન્ય રીતે મનુષ્ય પોતાની મૂળભૂત જરૂરિયાતો (અન્ન, વસ્ત્ર, રહેઠાણ) સંતોષવા માટે ધનસંચય કરે છે. એ સાચું છે કે ધન વિના મનુષ્યની આ રોજિંદી જરૂરિયાતો સંતોષાઈ શકે નહિ. તે સંતોષવા માટે તેણે નીતિસંમત માર્ગે, પ્રામાણિક પ્રયાસ કરી ધન મેળવવું જોઈએ. જો તે ધન ન કમાઈ શકે તો તેની દશા

કૃષ્ણસખા સુદામા સમી થાય. સાંદીપનિ આશ્રમમાં કૃષ્ણના સહાધ્યાયી સુદામા ભણવામાં હોંશિયાર હતા. અભ્યાસ પૂરો થયા પછી તેમણે લગ્ન કરી બાળકો પેદાં કર્યાં પણ કુટુંબનું ભરણપોષણ થાય એટલું ધન પણ તેઓ ઉપાર્જિત કરી શક્યા નહિ, તેથી તેમનો પરિવાર ભૂખે મરવાને વાંકે જીવવા લાગ્યો. આવી સ્થિતિ પણ ઇચ્છનીય નથી.

કોઈ મનુષ્ય મહેનત કરી ધન ઉપાર્જન કરે તેની સામે શંકરાચાર્યને કશો વાંધો નથી. તેમનો વાંધો તો ધનસંચયની લાલસા સામે છે, અનર્ગળ તૃષ્ણા સામે છે. આવી તૃષ્ણાનો ક્યારેય અંત આવતો નથી. ધનસંચયની તૃષ્ણા કેવળ ધન પૂરતી મર્યાદિત રહેતી નથી. તે વસ્ત્રાભૂષણો, પગરખાં, રાચરચીલા સુધી વિસ્તરે છે. અરે લોભી માણસને એક મકાનથી પણ સંતોષ થતો નથી. નીચેનો શ્લોક તૃષ્ણાના સ્વરૂપ પર પ્રકાશ પાડે છે :

निस्स्वो ह्येकशतं दशतं लक्षं सहस्त्राधिपः
लक्षेशो क्षितिपालतां क्षितिपतिश्चक्रेशचत्त् सम्यदम् ।
चक्रेशः पुनरिन्द्रतां सुरपतिर्ब्रह्मास्पदं वाच्छति
ब्रह्मा विष्णुपदं हरिर्हरपदं तृष्णावधिं को गतः ॥

(જેની પાસે કશું નથી તે ૧૦૦ની કામના કરે છે. જેની પાસે ૧૦૦ છે તે ૧૦૦૦ ઇચ્છે છે. જેની પાસે ૧૦૦૦ છે તે ૧૦૦૦૦૦ની વાંછા કરે છે. જેની પાસે ૧૦૦૦૦૦ છે તે રાજા થવા માગે છે. રાજાને ચક્રવર્તી સમ્રાટ થવું છે. પૃથ્વીનો ચક્રવર્તી સમ્રાટ સ્વર્ગનો અધિપતિ ઈન્દ્ર થવા તત્પર છે. ઈન્દ્ર બ્રહ્મા બનવા માગે છે. બ્રહ્માને વિષ્ણુ થવું છે. વિષ્ણુ શિવ થવા ઝંખે છે. તૃષ્ણાનો અંત ક્યારેય આવ્યો છે ?)



આ જૂની વાત છે. આજના સંદર્ભમાં કહી શકાય કે જેની પાસે કોડી પણ નથી તે સો રૂપિયા મેળવવા માગે છે. ૧૦૦ રૂપિયા મળ્યા પછી તેને સંતોષ નથી. હવે તે ૧૦૦૦ રૂપિયા ઇચ્છે છે. એ મળ્યા પછી તે લખપતિ થવા ઇચ્છશે. લખપતિ માણસ કરોડપતિ થવા મથે છે. જેની પાસે કરોડો રૂપિયા છે તે સત્તા ચાહે છે, પ્રધાનપદ મેળવવા મથે છે. આ રીતે તૃષ્ણાનો તંતુ લંબાયા જ કરે છે. તૃષ્ણાનો અંત આવતો નથી, માત્ર સ્વરૂપ બદલાય છે.

આ સત્યથી સુપરિચિત હોવાથી જ શંકરાચાર્ય સાધકને ધનસંચયની લાલસા છોડી દેવા અનુરોધ કરે છે. આ તૃષ્ણા જ ભગવદ્ભજનના માર્ગની મોટી અડચણ બની જાય છે. લોભી-લાલચુ માણસ માટે ભગવદ્ભજન અશક્ય છે. દુન્યવી ભૌતિક ચીજવસ્તુઓની તૃષ્ણા રાખવી અને ગોવિંદને ભજવા એ બેકામ એક સાથે કરવાં શક્ય નથી.

મોટાભાગના સાધકોની સામાન્ય સમસ્યા આ હોય છે : 'મનને માનસિક શાંતિ કેવી રીતે મળે ? હું જ્યારે ભગવાનની પ્રાર્થના કરવા, ધ્યાન ધરવા બેસું છું ત્યારે મન એકાગ્ર થઈ શકતું નથી.' જ્યાં સુધી આપણે જીવનમાં મૂળભૂત પરિવર્તન ન કરીએ, લોભ-તૃષ્ણા પર કાબૂ ન મેળવીએ ત્યાં સુધી ચિત્તની શાંતિ કે એકાગ્રતા શક્ય નથી. 'ઈશાવાસ્ય ઉપનિષદ'નો ઋષિ પણ પ્રથમ મંત્રમાં જ કહે છે : 'मा गृधः कश्यस्विद्धनम्' કોઈના પણ ધનની કામના કરીશ નહિ. શંકરાચાર્ય પણ આ શ્લોકમાં કહે જ છે. 'તૃષ્ણારહિત થઈને મનમાં સદ્બુદ્ધિ ધારણ કરે.'

શંકરાચાર્ય સાધકને તૃષ્ણાનો ત્યાગ કરવાની અને સદ્બુદ્ધિ ધારણ કરવાની સલાહ આપે છે. અહીં 'સદ્બુદ્ધિ' એટલે

યથાર્થનું આકલન. જીવનનું વાસ્તવ શું છે, સંસારનું સાચું સ્વરૂપ શું છે એનો યથાર્થ વિચાર કરવાથી ધનસંપત્તિની તૃષ્ણા આપોઆપ છૂટી જાય. આપણે જાણીએ છીએ કે બાળકને રમકડાં રમવાં ગમે છે. તેને રમકડાંનો ત્યાગ કરવાનું કહીશું તો તે તેમ નહિ કરે હા, તેને ત્રણ પૈડાંની સાયકલ કે બેટરીની ચાલતી મોટર આપવામાં આવશે તો તે તરત રમકડું છોડી દેશે. બાળક થોડું મોટું થાય ત્યારે તેને વીડિયોગેમ કે બાળવાર્તાની ચોપડી આપવામાં આવશે અને તેને એમાં રસ પડશે તો તે ત્રણ પૈડાંની સાયકલ કે બેટરી સંચાલિત મોટર મૂકી દેશે. આ રીતે વધારે ઉચ્ચ વસ્તુમાં રસ પડવાથી બાળક કે મનુષ્ય તુચ્છ કે નિમ્નસ્તરીય ચીજવસ્તુનો ત્યાગ અનાયાસે, સહજપણે કરશે. મોટા થયા પછી આપણને લખોટીઓ, રમકડાં વગેરે બાળપણની પ્રિય વસ્તુઓનું આકર્ષણ રહેતું નથી.

મનુષ્યનો શારીરિક વિકાસ થવાની સાથે જો બૌદ્ધિક, માનસિક, ભાવનાગત વિકાસ પણ થાય, તે emotional, intellectual maturity હાંસલ કરે તો તૃષ્ણાનો ત્યાગ મુશ્કેલ ન રહે. ધનસંપત્તિ જીવન જરૂરિયાતની પાયાની સગવડોની પૂર્તિ કરી શકે છે પરંતુ તેથી વિશેષ, મનની શાંતિ, સુખ, અખંડ આનંદ વગેરે આપવા સક્ષમ નથી. તેથી તો પ્રાચીન ભારતમાં વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશેલ પ્રૌઢ મનુષ્યો ધનસંપત્તિ વગેરેનો ક્રમશઃ ત્યાગ કરી આધ્યાત્મિક ઉન્નતિ માટે સાધના કરતા હતા. ઋષિ યાજ્ઞવલ્ક્ય પોતાના જીવનના એક તબક્કે પોતાની સઘળી સંપત્તિના બે ભાગ કરી પોતાની બન્ને પત્નીઓ- મૈત્રેયી અને કાત્યાયનીને આપી સંન્યાસ લેવા ઈચ્છે છે. એ જાણી મૈત્રેયી તેમને પૂછે છે, ''ભગવન્, આ ધનધાન્યથી સંપન્ન



સંપૂર્ણ પૃથ્વી જો મને મળી જાય તો શું હું અમર થઈ શકું ?'' યાજ્ઞવલ્ક્ય સ્પષ્ટ શબ્દોમાં જવાબ આપે છે, ''ના. ધનથી અમૃતત્વની આશા ન કરી શકાય. તેનાથી તો માત્ર ભોગસામગ્રી યુક્ત જીવન જીવી શકાય.'' આ જાણ્યા પછી મૈત્રેયી ધનસંપત્તિ લેવાની ના પાડે છે અને પતિના ત્યાગના આદર્શનું અનુસરણ કરે છે.

મૈત્રેયીએ બૌદ્ધિક, ભાવનાત્મક પરિપક્વતા પ્રાપ્ત કરી હતી તેથી તે ધનની તૃષ્ણાનો જ નહિ, ધનનો પણ ત્યાગ કરી શકે છે. આપણે પણ સમજી શકીએ કે ધનસંપત્તિ આપણે જીવનમાં જે ઝંખીએ છીએ એ આપવા અસમર્થ છે ત્યારે તેની તૃષ્ણાનો ત્યાગ આપોઆપ થઈ જાય. ધનસંપત્તિ નિરુપયોગી છે એમ કહેવું એ જે રીતે સાચું નથી તે રીતે ધનસંપત્તિ સઘળું છે એમ કહેવું પણ યથાર્થ નથી. આપણી અને આપણા પરિવારની પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટે ધનસંપત્તિની આવશ્યકતા છે જ. પરંતુ જરૂરિયાત એટલે શું એ પણ આપણે સમજવું પડે. ત્રણ ચાર સભ્યના પરિવાર માટે આપણા દેશમાં બે ત્રણ બેડરૂમનો ફ્લેટ પૂરતો થઈ પડે છે. મોટર વિના ચાલી શકે. એકાદ બે સ્કૂટરથી કામ ચાલી જાય. અમેરિકામાં આટલા જ પરિવારને પાંચ છ બેડરૂમનો વિશાળ બંગલો અને ત્રણ મોટરો જોઈતાં હોય છે ! આપણે જેને વિકાસ કહીએ છીએ એ વાસ્તવમાં આપણી luxuriesનું necessitiesમાં રૂપાંતર માત્ર છે.

આધ્યાત્મિક જીવનમાં અગ્રતાક્રમ(priorities)ની સમજ હોવી જરૂરી છે. લઘુતમ જરૂરિયાતો સાથેનું પવિત્ર જીવન સૌથી પહેલી પ્રાથમિકતા છે. ધનને ખપપૂરતું મહત્ત્વ આપવું જોઈએ, એથી વધુ નહિ. આપણે ધનમાં સલામતી શોધીએ છીએ તેથી

તેને જરૂર કરતાં વધુ મહત્ત્વ આપીએ છીએ. શંકરાચાર્ય આ સ્તોત્રમાં સ્પષ્ટપણે કહે છે કે ધન સલામતી આપવા સક્ષમ નથી, ઉલટાનું એને કારણે આપણી સલામતી સામે જોખમ ઊભું થઈ શકે.

તો પછી સલામતીની શોધ ક્યાં કરવી ? અસલામત વસ્તુ આપણને સલામતી પૂરી પાડી શકે ? આપણા પૈસા કોઈપણ માણસ લઈ જઈ શકે, પૈસા વિરોધ નહિ કરે. સંપત્તિ કે સત્તા કશું આપણને સલામતી આપી શકે તેમ નથી. સત્તાસ્થાને રહેલા માણસો સામાન્ય માણસો કરતાં વધુ અસલામતી અનુભવતા હોય છે, એટલે તો અંગરક્ષકોની ફોજ લઈ ફરતા હોય છે પરંતુ જ્યારે તેમનો મૃત્યુસમય આવે છે ત્યારે કોઈ અંગરક્ષક તેમને બચાવી શકતા નથી, ક્યારેક તો અંગરક્ષકો જ તેમને ખતમ કરી દેતા હોય છે. સલામતી તો આપણે આપણી ભીતરથી શોધવાની હોય છે.

ધનની તૃષ્ણાથી મુક્ત થવા શું કરવું જોઈએ ? શંકરાચાર્ય કહે છે કે મનુષ્યે ધન ઉપાર્જન કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ પ્રામાણિકપણે કરવા જોઈએ અને એ રીતે જે ધન મળે તેનો અનાસક્તિપૂર્વક આનંદ લેવો જોઈએ. કોઈપણ વસ્તુની આસક્તિ એના આનંદને ઓછો કરી દે છે. અનાસક્તિ એ જીવનને માણવાની ચાવી છે. આસક્તિ દુ:ખનો સ્રોત છે. તાટસ્થ્ય, અનાસક્તિ ઉલ્લાસ, આનંદનો સ્રોત છે. અનાસક્તિ કેળવવી એનો અર્થ છે જીવનને સુપેરે માણવું. અનાસક્તિ અને ઉપભોગ, આનંદ સમાનાર્થી શબ્દો છે. રામકૃષ્ણ પરમહંસે જીવનની સમજ આપવા એક દૃષ્ટાંત આપ્યું છે. એક માણસની પાછળ વાઘ ધસ્યો. તે ખૂબ ઝડપથી દોડીને એક ઝાડ પર ચડી



ગયો. ઉપર ચડવાની ઉતાવળમાં તેણે ઝાડ ઉપરના મધપૂડાને છંછેડ્યો. મધમાખીઓએ તેને ડંખ મારવા માંડ્યા. વાઘ નીચે ઊભો હતો. વળી તે જે ડાળી પર બેઠો હતો તેની નીચે મગરમચ્છોથી ભરેલું તળાવ હતું. માણસના મોં પર મધપૂડામાંથી મધનાં ટીપાં પડી રહ્યાં હતાં. પેલો માણસ મધને ચાટી રહ્યો હતો. આપણું જીવન પણ આવું જ છે; એક બાજુ પારિવારિક પ્રશ્નો, બીજી બાજુ નોકરી-ધંધાની સમસ્યાઓ, ત્રીજી બાજુ સ્વાસ્થ્યસંબંધી સમસ્યાઓ. આ બધાંની વચ્ચે આપણે રજાઓમાં પ્રવાસે જઈએ છીએ કે મનોરંજન મેળવવા ફિલ્મ-નાટક જોવા જઈએ છીએ. એમ કરીને આપણે દુ:ખને ભૂલવા મથીએ છીએ. તેથી શંકરાચાર્ય આપણને કહે છે આપણે મનને તૃષ્ણારહિત કરી યથાર્થને સમજવું જોઈએ. એમ કરવા માટે જે કંઈ ધન આપણે અર્જિત કર્યું છે તેનાથી સંતુષ્ટ થઈ આનંદપૂર્વક જીવવું જોઈએ.

શંકરાચાર્ય આપણને નિષ્ક્રિય રહી દયનીય, દુ:ખી જીવન જીવવાનું નથી કહેતા. મનુષ્યે તેની શક્તિ અને ક્ષમતા મુજબ અર્થોપાર્જન અર્થે પ્રામાણિક પ્રયાસ કરવા જ જોઈએ. એ પ્રયાસ-પુરુષાર્થના પરિણામે જે કંઈ ધન પ્રાપ્ત થાય તેનાથી સંતુષ્ટ થઈ જીવન જીવવું જોઈએ. સામાન્ય રીતે મનુષ્યને મહેનતનું જે ફળ મળે છે તેનાથી સંતોષ થતો નથી. એ ફળ તેને ઓછું જ લાગે છે. પરંતુ મહેનત કરવાનું મનુષ્યના હાથમાં છે, તેનું ફળ ઈશ્વર આપે છે. તેથી જે ફળ પ્રાપ્ત થાય તેને પ્રભુના પ્રસાદરૂપે પ્રેમપૂર્વક ગ્રહણ કરવો જોઈએ. સંતોષ વિના સુખ-શાંતિ શક્ય નથી. ભૌતિક ઉન્નતિ અર્થે, દુન્યવી સફળતા અર્થે અસંતોષ ઉપયોગી હશે પણ આધ્યાત્મિક ઉન્નતિ માટે સંતોષ ખૂબ જરૂરી

છે. જીવનમાં આજે જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી જો આપણે સંતુષ્ટ નહિ હોઈએ તો ભવિષ્યમાં પણ ક્યારેય સંતોષ સાંપડવાનો નથી કેમકે આજે આપણે જે મન ધરાવીએ છીએ એ જ આગળ પણ આપણી સાથે આવવાનું છે. મનનો સ્વભાવ ઇચ્છાઓનું સર્જન કરવાનો છે. ઈચ્છાઓ અનંત છે, તેથી તેના પર અંકુશ મૂકી, સંતોષને, સાદગીને સાથી બનાવી સાચું, શાશ્વત સુખ ઇચ્છતા મનુષ્યે જીવનનું ઉચ્ચ, ઉદાત લક્ષ્ય નિર્ધારિત કરી ભગવાનનું ભજન કરતાં કરતાં તે લક્ષ્ય સુધી પહોંચવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. જીવનને ઊર્ધ્વગામી બનાવવા માટે ઉચ્ચ મૂલ્યો અને સનાતન સિદ્ધાંતો અપનાવી ધનની લાલસા, તૃષ્ણાનો ત્યાગ કરી, ગોવિંદને ભજતાં ભજતાં લક્ષ્ય પ્રાપ્ત કરવા મચી પડવું જોઈએ. ધનની તૃષ્ણાનો ત્યાગ કરી સંતોષને સાથી બનાવ્યા વિના જીવનમાં કોઈને સાચું સુખ સાંપડ્યું નથી.

રવીન્દ્રનાથ ટાગોરની એક કથા છે. 'પારસમણિ' એક ગરીબ બ્રાહ્મણ રોજ ભગવાનને પોતાનું દારિદ્રય દૂર કરવા પ્રાર્થે છે. એક દિવસ સ્વપ્નમાં ભગવાન તેને નદીકાંઠે એક ઝૂંપડીમાં રહેતા સંત પાસે જવા કહે છે. બ્રાહ્મણ સંત પાસે જઈ સ્વપ્નની વાત કરે છે. સંતને કંઈ સમજાયું નહિ. પોતાની પાસે કશું ધન નથી એમ કહી સંતે તેને પાછો જવા કહ્યું, પણ તે થોડે દૂર ગયો ત્યાં સંતે તેને પાછો બોલાવ્યો. તેમને યાદ આવ્યું કે નદીકિનારે ભ્રમણ કરતાં થોડા દિવસ પહેલાં તેમને ધૂળમાંથી એક મણિ મળ્યો હતો જે તેમણે કોઈને ક્યારેક કામમાં આવે એમ માની એક વૃક્ષ નીચે ખાડો ખોદી દાટ્યો હતો. તેમણે બ્રાહ્મણને એ જગ્યા બતાવી અને મણિ લઈ જવા કહ્યું. ગરીબ બ્રાહ્મણ તરત એ વૃક્ષ પાસે પહોંચ્યો અને ખાડો ખોદી પેલો મણિ શોધી કાઢ્યો.



અત્યંત મૂલ્યવાન મણિ મળતાં બ્રાહ્મણની ખુશીની કોઈ સીમા ન રહી. તે મણિ છાતીસરસો દબાવી પેલા સંત પાસે પહોંચ્યો અને એમનો આભાર માની ચરણસ્પર્શ કરી પોતાના ઘરે જવા લાગ્યો. થોડે દૂર પહોંચ્યા પછી તેને વિચાર આવ્યો કે સંતે આટલો બધો મૂલ્યવાન મણિ મને મફતમાં આપી દીધો એનો અર્થ એ થાય કે એમની પાસે આ મણિ કરતાં અનેકગણો કીંમતી ખજાનો હોવો જોઈએ. મારે આ એક મણિથી સંતુષ્ટ થયા વિના પેલો અમૂલ્ય ખજાનો ખોજવા મથામણ કરવી જોઈએ. તે તુરત પાછો વળ્યો અને મણિ સંતને પાછો આપતાં વિનમ્રતાપૂર્વક બોલ્યો,

**જે ધનથી થઈને ધની, (તમે) મણિને માનો કાચ,**
**એ ધનની ઝીણી કણી (હું) નમી યાચું તવ પાસ.**

જોઈ શકાશે કે મૂલ્યવાન મણિનું સાચું મૂલ્યાંકન કરનાર આ 'બ્રાહ્મણ' કાત્યાયની જેવો સામાન્ય મતિ ધરાવનાર ન હતો પણ મૈત્રેયી જેવો સૂક્ષ્મબુદ્ધિ ધરાવનાર હતો. જીવનમાં ધનને કેટલું મહત્ત્વ આપવું અને ઉચ્ચ મૂલ્યોને, આત્મસાક્ષાત્કારને કેટલું મહત્ત્વ આપવું એનો વિવેક જન્મે એ માટે જ શંકરાચાર્ય લોભી, લાલચુ મનુષ્યને 'મૂઢ' કરી મિથ્યા વસ્તુઓ પરનો મોહ દૂર કરી સાચું સુખ સંપ્રાપ્ત કરવા યોગ્ય, ઉચિત દિશામાં આગળ વધવા આગ્રહ કરે છે.

'મૂઢ' માણસ ધનથી સુખ ખરીદવા ચાહે છે; પરંતુ ધન માત્ર ઈન્દ્રિયોના ઉપભોગની સામગ્રી ખરીદી શકે. એ દ્વારા ક્ષણિક સુખનો આભાસ અવશ્ય થાય, પણ લાંબાગાળે યયાતિની જેમ એવા માણસને પણ સમજાય કે—

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव मूय एवाभिवर्धते ॥

(કામવૃત્તિ ગમે તેટલી ભોગવાય તોપણ તે કદી શાન્ત થતી થતી. જેમ જેમ અગ્નિમાં હુતદ્રવ્ય નાંખીએ તેમ તેમ તે વધુ પ્રજ્વલિત થાય છે.) કામવૃત્તિ સંદર્ભે કહેવાયેલી આ વાત બધી કામનાઓ (desires)ને લાગુ પડે છે. સંતોષ સિવાય કોઈપણ કામનાને શાંત પાડવાનો બીજો ઉપાય નથી. તેથી તો આચાર્ય આ શ્લોકમાં તૃષ્ણા (લાલસા)ને ત્યજી સંતોષને શરણે જવા કહે છે.

વિત્તૈષણા(Desire forf wealth) મનુષ્યને અશાંત કરે છે. ધનાસક્તિ અપાર ચિંતાઓને જન્માવે છે. ધન મેળવવામાં તણાવ થાય છે. તે મેળવ્યા પછી તેનો સમુચિત સંચય કરવામાં ઘણો શ્રમ પડે છે. તેનો ખર્ચ કરતાં પણ દુઃખ થાય છે અને તે ચોરાઈ જાય તો તો ઘણું દુઃખ થાય. 'કઠોપનિષદ'માં યમરાજને બાળક નચિકેતા સમજાવે છે કે 'न वित्तेन तर्पणीया मनुष्यः ।' (મનુષ્ય ધનથી તૃપ્ત થતો નથી.) બુદ્ધિશાળી નચિકેતા જાણે છે કે ધનસંપત્તિ મનુષ્યને શાશ્વત સુખ-શાંતિ ક્યારેય આપી ન શકે. તેથી તો તે યમરાજાની લોભામણી ઓફરને ઠુકરાવી દઈ જીવન-મૃત્યુનું રહસ્ય જાણવા જ અનુનય કરે છે. ભૌતિક ઉપલબ્ધિઓનો, તેની તૃષ્ણાઓનો ત્યાગ કરીને જ તે અંતે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આપણે પણ દુન્યવી સિદ્ધિઓ, ભૌતિક સુખસગવડોની તૃષ્ણા ત્યજી, ભગવાનને ભજી પવિત્ર જીવન જીવીએ તો આત્મજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરી શકીએ. અલબત્ત એ માર્ગ પર વિત્તૈષણા ઉપરાંત બીજી એષણાઓ પણ અવરોધક છે. ઉપર જેનો નિર્દેશ થયો એ કામવૃત્તિઓ પણ ઓછી પ્રબળ નથી.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ



# ॥ ઈશ્વર તમને ચાહે છે ! ॥

આપણા ભગવાનની દૃષ્ટિ કેવી છે, તે વિશે ક્યારેય આપણે વિચાર્યું છે ખરું ? આંખો મીંચીને પ્રભુ સમક્ષ ભક્તિ કરતો ભક્ત પ્રભુની નજરનો વિચાર કરે છે ખરો ? એ ઈશ્વર પાસે જાય છે, ત્યારે એના પ્રત્યે ઈશ્વર કઈ દૃષ્ટિએ જોઈ રહ્યા છે તે વિચારવું જોઈએ.

કેટલાક ઈશ્વર પાસે અનેક ગુનાઓ કરનાર ગુનેગારની માફક હાજર થાય છે. એ ઈશ્વરની દૃષ્ટિનો અનુભવ કરવાને બદલે પોતે જીવનમાં કરેલા ગુનાઓનો ઝડપથી એકરાર કરવા માંડે છે. પોતાની જાત પર ફિટકાર અને ધિક્કાર વરસાવે છે. વળી જુએ છે કે અન્ય કોઈ જાણતું કે સાંભળતું તો નથી, પછી ખુલ્લા દિલે અને મોકળા મને પોતાના દોષો વર્ણવે છે. દોષોને યાદ કરી કરીને પસ્તાવો કરે છે. આવે સમયે એ ઈશ્વરની દૃષ્ટિને જોવાનું ચૂકી જાય છએ.

એણે વિચારવું જોઈએ કે શ્રીકૃષ્ણ કે શ્રીરામે આપેલું આ જીવન એક મહાન જીવન છે. સાડા બાર વર્ષ સુધી અનેક ઉપસર્ગો સહન કરીને ઉત્કૃષ્ટ સાધના કરનાર ભગવાન મહાવીરે આને માટે ત્યાગ કર્યો હતો ? તમારી આવી જિંદગીને માટે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભે ચડ્યા હતા ? જો ઈશ્વર પાસે તમે તમારો અંધકાર લઈને જશો તો પ્રકાશ પામવાની શક્યતા ક્યાંથી રહેશે ? તમે એની સમક્ષ સતત આત્મભર્ત્સના કરતા રહેશો તો તમારા આત્મા પર એની અમીદૃષ્ટિ ક્યાંથી પડશે ? તમે પોતે પસાર કરેલા અત્યાર સુધીના જીવન બદલ સતત શરમ અનુભવતા રહેશો, તો એ સંકુચિત જીવનને ઈશ્વરનું અજવાળું ક્યાંથી સાંપડશે ?

આનું એક કારણ એ કે સાધક એમ માને છે કે હું ઈશ્વર સમક્ષ મારાં સઘળાં પાપોનું સાંગોપાંગ વર્ણન કરી દઉં અને એમ કરીને પાપમુક્તિ મેળવી લઉં. પછી પાપની ભવિષ્યમાં સજા થાય એવી શક્યતા જ ન રહે. એને જેટલી તાલાવેલી પાપ કરવાની હતી એટલી જ તાલાવેલી પાપમાંથી મુક્ત થવાની હોય છે. જે અંધકારને એણે સામે ચાલીને આવકાર્યો હોય છે એ અંધકારના ફળમાંથી ઊગરવા એ અતિ આતુર હોય છે.

સાધક એ વિચારતો નથી કે ઈશ્વરની નજર એના હૃદયના તિમિર પર નહિ, પણ પ્રકાશ પર છે. એને તો સાધકની ભીતરમાં રહેલા પ્રકાશને જોવો છે અને એમાં વિશેષ તેજ પૂરવું છે. જો તમે પોતે પ્રકાશિત નહિ હો, તો અન્યને કઈ રીતે પ્રકાશિત કરી શકશો ?

કેટલીક વ્યક્તિ એમ માને છે કે હું સરકારી કર્મચારી કે કંપનીનો અધિકારી બનું, એવું મારું કર્તવ્ય ઈશ્વરે જ નક્કી કર્યું છે. કેટલાક કહે છે કે મારી 'જૉબ' પણ ઈશ્વરે નક્કી કરી છે. હકીકતમાં ઈશ્વર આવી કોઈ બાબતો નક્કી કરતો નથી, પરંતુ એ પ્રત્યેક મનુષ્યને માટે કશુંક જીવનલક્ષી અને ઊર્ધ્વગામી કર્તવ્ય નિર્ધારિત કરે છે. સાધકનું કામ છે ઈશ્વરની સમક્ષ ઊભા રહીને એના પ્રકાશને પામવાનું. ઈશ્વર એને નોકરી, 'પ્રમોશન' કે જીવનસાથી આપતો નથી, પરંતુ એને જીવનમાં સાર-અસારની સમજણ આપતો વિવેક આપે છે. એ ઈશ્વરને તમારા જીવનમાં પ્રકાશ રેડવામાં રસ છે, માટે એ તમારા સદ્ગુણો પર નજર ઠેરવીને બેઠો હોય છે.

તમે તમારા બાળક પાસે ચિત્રો દોરાવવા ઇચ્છતા હો ત્યારે તમે જ એને પીંછી આપો છો. તમે એને વિશેષ અભ્યાસ



કરાવવાની ઇચ્છા રાખો છો, તમે એને માટે પુસ્તકો લાવી આપો છો. એ જ રીતે ઈશ્વર સાધકના હૃદયમાં મુમુક્ષા જગાડવા ચાહે છે અને તેથી એની દૃષ્ટિ તો સાધકની ઉચ્ચ ભાવનાઓ, ઉમદા આચારો, ગહન વિચારો અને નિર્મળ અને નિખાલસ હૃદયની મુમુક્ષા પર સ્થિર થયેલી હોય છે. ઈશ્વર તમારા સદ્-અંશો પર દૃષ્ટિ ઠેરવીને બેઠો હોય છે, એને એ ખીલવવા ચાહે છે. એની સુવાસ સર્વત્ર ફેલાય એવો એનો આશય છે.

ઘણી વ્યક્તિઓ સોગિયું મોઢું કરીને ઈશ્વર પાસે આવતી હોય છે. કેટલીક વ્યક્તિઓ મંદિરમાં પગથિયાં ચડીને ઈશ્વરની સમક્ષ પહોંચતાં જ પોતાની ચિંતાનું પોટલું એની સામે જોરથી પછાડતી હોય છે. કોઈ થોકબંધ માગણીઓની અરજીઓ એની સમક્ષ મૂકતું હોય છે. કેટલાક પોતાની જાતને તદ્દન નિમ્ન, ક્ષુદ્ર, પાપી કે અધમ માનીને એની સામે ધ્રૂજતા ધ્રૂજતા ઊભા રહે છે, જાણે ઈશ્વર કોઈ કડક સજા કરનારો માથા ફરેલ ન્યાયાધીશ ન હોય !

આવી રીતે ઈશ્વર સન્મુખ જશો, તો ક્યારેય એના દર્શનથી ચિત્તને પ્રસન્નતા પ્રાપ્ત નહિ થાય, પોતાની જાતને અધમાધમ માનશો, તો તમને સદ્-અંશોને જોનારી ઈશ્વરીય દૃષ્ટિનો લાભ નહિ મળે. ઈશ્વર તમને મોક્ષ, નિર્વાણ કે કલ્યાણની ભાવના અર્પવા માગે છે અને તેવે સમયે એના સંતાન તરીકે કે એના અંશ તરીકેની ખુમારી તમારી પાસે હોવી જોઈએ.

ઈશ્વરને પામવા માટેનો નરસિંહ મહેતા જેવો ઉત્સાહ છે ? સ્વામી રામતીર્થ કે આનંદમયી માતા જેવી ભક્તિ છે ? મીરાં જેવો તલસાટ છે ? ઈશ્વર તો આપણને એના પ્રિય સંતાનો તરીકે જુએ છે. એના વિશાળ સામ્રાજ્યના અદના નાગરિક તરીકે

નીરખે છે અને તેથી જ ઈશ્વરનાં દર્શન, પૂજા કે ઉપાસના કરતી વખતે તમારી આંખોમાંથી પ્રસન્નતાનો સાગર ઊભરાવો જોઈએ. કૃષ્ણવિરહિણી મીરાંબાઈ કહે છે :

'ચાકર રહસૂં, બાગ લગાસૂં, નિત ઉઠ દરસન પાસૂં,
વૃંદાવનકી કુંજ ગલિનમેં, ગોવિંદ લીલા ગાસૂં,
મને ચાકર રાખોજી, ગિરધારી લાલા ! ચાકર રાખોજી.'

ગોવિંદ પર મીરાંની કેવી શ્રદ્ધા છે ! સામાન્ય રીતે વ્યક્તિ ઈશ્વર સન્મુખ ઊભો હોય છે, ત્યારે એ એની પદવી, પ્રતિષ્ઠા, સત્તા કે અધિકાર ભૂલી શકતો નથી. એ ઈશ્વરપ્રાપ્તિની ઝંખના રાખે છે, પરંતુ એને માટે જરૂરી સમર્પણ હોતું નથી. રાજરાણી મીરાંનું આ સમર્પણ જુઓ. એના હૃદય પર દૃષ્ટિ ઠેરવીને બેઠેલા ગોવિંદને એ કહે છે કે તમે કહેશો તો અમે તમારા ચાકર બનીને રહીશું. તમે કહેશો તો માળી થઈને તમારું બાગકામ કરીશું, પણ અંતે તો અમારે તો વૃંદાવનની કુંજગલીઓમાં તમારી લીલાનું ગાન કરવું છે.

શ્રીકૃષ્ણની દૃષ્ટિ મીરાંના અંતરમાં રહેલા આ ભાવોને જોઈને કેટલી બધી પ્રસન્ન થતી હશે ! સમર્પણની આ મસ્તી પર શ્રીકૃષ્ણની દૃષ્ટિ પડતી હશે ત્યારે મીરાંના હૃદયમાં કેવો અવર્ણનીય આનંદ ઊભરાતો હશે ! આથી ક્યારેક એવો પ્રશ્ન પણ જાગે કે આપણે ઈશ્વરને ચાહીએ છીએ કે ઈશ્વર આપણને ચાહે છે ? અને આ સવાલ એવો છે કે જેનો ઉત્તર મુશ્કેલ છે. પહેલાં મરઘી કે પહેલાં ઈંડું એના જેવો આ પ્રશ્ન છે. હકીકત એ છે કે ઈશ્વર તમને ચાહે છે, કારણ કે તમે ઈશ્વરને ચાહો છો.

**—પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**



# ॥ શાંતિપાઠ ॥

**ॐ पूर्णमदः पूर्णमिंद पूर्णात् पूर्णमुदच्यते ।**
**पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥**
**ॐ शांतिः शांतिः शांतिः**

અર્થ :—ૐ=પરમાત્મા. અદઃ=એ(પરબ્રહ્મ પરમાત્મા) પૂર્ણમ્=સર્વ પ્રકારે પૂર્ણ છે. ઈદમ્=આ(જગત પક્ષ) પૂર્ણમ્=પૂર્ણ, પૂર્ણાત્=એ પૂર્ણ પરમાત્મામાંથી જ. પૂર્ણમ્=આ પૂર્ણ જગત. ઉદચ્યેત=ઉત્પન્ન થાય છે. પૂર્ણસ્ય=પૂર્ણના. પૂર્ણમ્=પૂર્ણને આદાય=લઈ લેવાથી. પૂર્ણમ્=પૂર્ણ. એવ=જ. અવશિષ્યતે=બાકી રહી છે. ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ=ત્રિવિધ શાંતિની પ્રાપ્તિ હો.

**ભાવાર્થઃ—**ઉપનિષદમાં શાંતિપાઠ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એનું મહત્ત્વ અનોખું છે. પ્રત્યેક ઉપનિષદનો આરંભ અને અંત શાંતિપાઠથી જ થતો હોય છે. સંસારમાં મનુષ્ય સૌથી વધારે શાંતિને ચાહે છે તેવી રીતે પહેલાં પણ ચાહતો એની પ્રતીતિ વેદ અથવા ઉપનિષદના શાંતિપાઠ પરથી સહેલાઈથી થઈ રહે છે. એટલે તો એને શાંતિપાઠની રચના કહી છે. શાંતિપાઠમાં પરમાત્માનું સ્મરણ છે અને કેટલીક હૃદયસ્પર્શી સદ્‌ભાવનાઓના પ્રતિઘોષો પડેલા છે. વેદ અને ઉપનિષદના પ્રાતઃસ્મરણીય પરમાત્મદર્શી સદ્‌ભાવનાઓના પ્રતિઘોષો પડેલા છે. વેદ અને ઉપનિષદના પ્રાતઃસ્મરણીય પરમાત્મદર્શી ઋષિવરો પોતાના સ્વાનુભવના આધાર પર કહી બતાવે છે કે શાંતિ અથવા પરમશાંતિની પ્રાપ્તિ પરમાત્મા સાથેના પ્રત્યક્ષ સંબંધની પ્રસ્થાપના સિવાય ના થઈ શકે. એ સંબંધની પ્રસ્થાપના

માટે તન, મન તથા વચનનો સંયમ આવશ્યક છે. આત્મસંયમ અને આત્મશુદ્ધિ સિવાય આત્મદર્શન ના થઈ શકે અને આત્મદર્શન અથવા આત્માનુભૂતિ સિવાય સનાતન શાંતિની ઉપલબ્ધિ આકાશકુસુમવત્ અશક્ય રહે શાંતિની પ્રાપ્તિ માટે ભૌતિક પ્રદેશમાં પ્રયત્ન કરનારા માનવે આભ્યંતર ક્ષેત્રમાં પણ પ્રવેશ કરવો જોઈએ. એવા પ્રવેશ સિવાય શાંતિની યાત્રા અધૂરી રહી જાય.

આ શાંતિપાઠમાં પરમાત્મા તથા જગત વિશેનાં ચિંતન, મનન અને નિદિધ્યાસનની અનુભૂતિપૂર્ણ ઉદ્ગાર સમાયેલો છે. એ ઉદ્ગાર લક્ષમાં લેવા જેવો છે. જે જગત આપણી આજુબાજુ બધે જ પથરાયેલું છે, જેને આપણે અવલોકી અથવા અનુભવી રહ્યા છીએ તે જડ તત્ત્વો કે પદાર્થોમાં સંઘાત છે અને અપૂર્ણ છે એવી માન્યતા મોટે ભાગે પ્રચલિત છે. જે માન્યતાના ઉપલક્ષમાં એક અવનવીન વિશિષ્ટ વિચારધારાની રજૂઆત કરતાં અહીં સૂચવવામાં આવે છે કે જગત જડ નથી. એ ઉપરથી જોતાં જડ જણાતું હોય તો પણ અંદરથી ચિન્મય છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ દૃષ્ટિથી એનું દર્શન કરતાં એ ચૈતન્યના પરમ પારાવાર જેવું જ લાગે છે. એ ઉપરાંત એને અપૂર્ણ કહેવું એ પણ બરાબર નથી. અજ્ઞાનની અર્ધદગ્ધ દશામાં એ અપૂર્ણ ભાસે છે ખરું, પરંતુ પરમ જ્ઞાનાનુભૂતિની પરિપૂર્ણ પાવન અલૌકિક અવસ્થામાં પૂર્ણ જ લાગે છે. એ વિચાર વિસ્મયકારક હોવા છતાં સાચો છે અને શાંતિપાઠ એને નિર્ભીક રીતે સહજતાપૂર્વક પ્રતીતિજનક રીતે રજૂ કરે છે.

શાંતિપાઠ સંક્ષિપ્ત છતાં સારગર્ભિત છે. એની ભાષા તદ્દન સીધીસાદી હોવા છતાં ગહન છે. એની પાછળ બૌદ્ધિક પ્રતિભાનું પ્રગલ્ભ પીઠબળ નથી, પરંતુ વરસોની સાધનાની સુપરિણામે



સાંપડેલી સ્વાનુભૂતિનો રણકાર છે. એમાં કોઈ પણ પ્રકારની શંકા-કુશંકા વિના સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે એ પરમાત્મા પૂર્ણ છે અને આ જગત કે બ્રહ્માંડ પણ પૂર્ણ જ છે. પરમાત્મા પૂર્ણ છે એ વિધાનમાં તો કોઈને શંકા ના હોઈ શકે. પરિપૂર્ણતા એટલે જ પરમાત્મા એવું કહીએ તો પણ ચાલે. પરમાત્મા સચ્ચિદાનંદ છે અને એમની અંદર કોઈપણ પ્રકારની અપૂર્ણતા નથી હોઈ શકતી. જે અપૂર્ણ હોય તેમને પરમાત્મા કહી શકાય જ નહિ; કોઈક બીજું નામ ભલે આપી શકાય. પરમાત્મા જ્ઞાનની દૃષ્ટિએ શક્તિની દૃષ્ટિએ અને યોગ્યતા અથવા વિકાસની દૃષ્ટિએ પૂર્ણ છે. પરંતુ જગતને એવી રીતે પરિપૂર્ણ કહી શકાય ? હા. પરમાત્મા જ સર્વના મૂળમાં છે, પરમાત્મા સિવાય બીજું કશું પણ નહોતું અને તેથી, તો પછી જગત પરમાત્માથી અલગ હોવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ? જગત પ્રકારાંતરે પરમાત્મા જ છે, એની અંદર-બહાર અને એના રૂપમાં જે કાંઈ દેખાય છે તે પરમાત્મા જ છે, એ પરમાત્માનું સ્વરૂપ જ છે, એવું માનવું મનાવવું બરાબર જ છે. સુવર્ણના અલંકારોને અલંકારોનું નામ આપીએ કે સુવર્ણ કહીએ એ બધું એક જ છે. એ પ્રમાણે જગતને જગત જગત કહીએ કે પરમાત્માના પ્રતીક તરીકે ઓળખીએ, પરમાત્માનું સ્વરૂપ સમજીએ, બધું સરખું જ છે. જગતના રૂપમાં પરિપૂર્ણ પરમાત્મા પોત જ પોતાની લીલા કરી રહ્યા છે.

પરમાત્મા પૂર્ણ છે, જગત પણ પૂર્ણ છે; અને પરિપૂર્ણ પરમાત્મામાંથી આ જગતનું પ્રાકટ્ય થાય છે, એ વાતનો વિચાર એક બીજી રીતે પણ કરી લઈએ સમુદ્ર સંપૂર્ણ છે, એની અંદર ઉત્પન્ન થતા તરંગો એના જ અવિભાજ્ય અંગરૂપ હોઈને એવું કહી શકાય. તરંગો એનાથી જુદા નથી એટલે પૂર્ણ જ છે.

એમના સ્વરૂપમાં દેખાય છે. એવી રીતે જગતના રૂપમાં પણ પરમાત્મા જ પ્રતીત થાય છે.

સંપૂર્ણ સમુદ્રમાંથી થોડું કે વધારે પાણી લઈએ તો સમુદ્રને હાનિ નથી પહોંચતી. સમુદ્ર તો એવો જ સુવિશાળ રહે છે. જગતના સર્જન અને વિસર્જનની ક્રિયાથી પરમાત્માને પણ એવી જ રીતે કોઈ પ્રકારની હાનિ નથી પહોંચતી. એમની અંદરથી સૃષ્ટિનું સર્જન થાય તો પણ એ અપૂર્ણ નથી બનતા પરંતુ પૂર્ણ જ રહે છે.

શરીરની, મનની અને અંતરની ત્રિવિધ શાંતિની માનવને ઝંખના હોય છે. જીવનની પરિપૂર્ણતા, સ્વસ્થતા અને શાંતિ માટે એ ત્રણે પ્રકારની શાંતિની આવશ્યકતા હોય છે. એ ત્રિવિધ શાંતિને આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક શાંતિ પણ કહે છે. શાંતિપાઠમાં એની પણ કામના કરવામાં આવી છે. ભૌતિક પરિસ્થિતિનો પ્રભાવ માનવના ચિત્તતંત્ર પર અતિશય પ્રબળપણે પડતો હોય છે. દૈવી સંકેતો, ઉત્પાતો તે પ્રસંગો પણ એને અસર પહોંચાડે છે, અને એ આત્મિક રીતે, અવિદ્યાને લીધે દુઃખી, અસ્વસ્થ અથવા અશાંત રહ્યા કરે છે. એ ત્રણે પ્રકારની અશાંતિમાંથી મુક્તિને માટે અહીં પ્રાર્થના કરવામાં આવી છે. પરિસ્થિતિ માનવની ઈચ્છાને અનુકૂળ ના થાય તો પણ માનવને અસ્વસ્થ તો ના જ કરે અને ચલાયમાન ના બનાવે, એની વચ્ચે વસીને પણ માનવ પોતાની આત્મસ્થ શાંતિને અખંડ રાખે એ ઈચ્છવા જેવું છે. આપણે પણ એવી અખંડ અલિપ્તાવસ્થાને મેળવવા માટે પ્રાર્થના કરીએ.

**–શ્રી યોગેશ્વરજી**

**(ઉપનિષદનો અમર વારસો)**



# ॥ કઠ ઉપનિષદની વિશેષ વિચારણા ॥

કઠ ઉપનિષદનો આરંભ ઐતિહાસિક રીતે થાય છે, એમાં આત્મજ્ઞાનવાળા અસાધારણ અભિલાષી નચિકેતાની ઓળખાણ આપવામાં આવે છે અને એ પણ એકદમ નાટકીય રીતે.

**ॐ उशन् हवै वाजश्रवसः सर्ववेदसं ददौ ।**
**तस्य ह नचिकेता नाम पुत्र आस ।**

**(અધ્યાય ૧, વલ્લી ૧, શ્લોક ૧)**

અરુણ નામના એક મહર્ષિ યજ્ઞ તથા અન્નદાનમાં ખૂબ જ રસ લેતા એ વાજશ્રવા પણ કહેવાતા. નચિકેતા એમના સુપુત્ર ઉદ્દાલકનો પુત્રરત્ન હતો. ઉદ્દાલકે પોતાના પિતાની પ્રવૃત્તિપરંપરાને ચાલુ રાખીને એકવાર એક મહાન યજ્ઞનું આયોજન કર્યું. એ યજ્ઞની પરિસમાપ્તિ વખતે એમણે કેટલીક ગાયોનું દાન કરવાનો સંકલ્પ કર્યો. એ ગાયોની સંખ્યા ઘણી મોટી હોવા છતાં ગુણવત્તા ઓછી હતી. દાન ભલે પ્રમાણમાં ઓછું અપાય પરંતુ સારું અપાવું જોઈએ. અને એવી વસ્તુનું આપવું જોઈએ જે બીજાને કામ લાગે. જેને જોઈને બીજાનું અંતર આનંદી ઊઠે. બીજાને હર્ષ તથા સંતોષપૂર્વક લેવાનું મન થાય. કેટલાક માણસો દાન કરે છે પરંતુ પરંપરાના પાલન ખાતર દાનેશ્વરીમાં ખપાવા માટે નાછૂટકે કરે છે. એમનું દાન બીજાને ઉપયોગી નથી થતું. દાન લેનારને સદા અસંતોષ રહ્યા કરે છે. એવા દાનેશ્વરીઓ આજના જમાનાની પેઠે પહેલાંના જમાનાઓમાં પણ હતા જ. જમાનાઓ બદલાય છે પરંતુ

માનવોનું મન લગભગ એકસરખું જ રહે છે.

એવા અયોગ્ય દાનની સામે વિરોધનો અવાજ ઉઠાવનારા માનવો મળી આવે છે. એવા વિરોધનો અવાજ ઉઠાવવાનો અવસર આવે ત્યારે ઘરના સભ્યો કેટલીકવાર પાછળ પડે છે. એમને જેવું તેવું દાન આપવામાં આવે એ ગમે છે પણ ખરું. મારા પરિચયમાં એક પુરુષ છે. એ હંમેશાં ઉત્તમ વસ્તુનું દાન આપવાનો આગ્રહ રાખે છે. પરંતુ એમની પત્ની એમની વચ્ચે આવીને એમના ઉત્સાહને ઓગાળી નાખવાનો પ્રયાસ કરતાં રહે છે કે દાન તો આપણને ખપ ના લાગે તેવી, જેવી તેવી વસ્તુનું જ આપવાનું હોય. તો બીજા કુટુંબમાં પતિ કંજુસ હોવા છતાં પત્ની તેમને સત્કર્મમાં પ્રેરે છે.

દાન શબ્દ છે તો સારો પરંતુ દાન આપીને અન્યના ઉપર ઉપકાર કરતા હોઈએ એવું માનવામાં આવે છે. એટલે દાન આપવાને બદલે મદદ કરવી એવો શબ્દપ્રયોગ અધિક આવકારદાયક લાગે છે. મદદ કરવાની ભાવનાની પાછળ માનવતા છે.

દાનમાં આપવામાં આવતી ગાયોને નિહાળીને નચિકેતાની પીડાની પાર ના રહ્યો. એવું દાન બીજા કોઈના તરફથી અપાવાને બદલે પોતાના પ્રાજ્ઞ પિતા દ્વારા અપાઈ રહ્યું છે એ દેખીને એને વિશેષ દુઃખ થવા માંડ્યું.

નચિકેતા ભારતીય સાંસ્કૃતિક પરંપરાનું એક અત્યંત આશ્ચર્યકારક અમર પાત્ર છે. ભારતીય સંસ્કૃતિ એવા સુંદર સર્વોત્તમ પાત્રોને પ્રકટાવી શકી છે. એવા પ્રાણવાન પવિત્ર



પાત્રોમાં ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવ, ગાર્ગી, અષ્ટાવક્ર, જડભરત, દત્તાત્રેય, સનકાદિ ઋષિકુમાર, નારદ, શંકરાચાર્ય જેવાને મૂકી શકાય. નચિકેતાનું આસન એમનામાં અદ્વિતીય છે.

એવી પાણી પી ચૂકેલી, ઘાસ ખાઈ ચૂકેલી, દોહવાયેલી, વસૂકી ગયેલી ગાયોનું દાન એને અમંગલ લાગ્યું. એણે પિતાજીની આગળ વિરોધ દર્શાવ્યો. પરંતુ એના પિતાજી એવા વિરોધને ગણકારે એવા નહતા. એનો વિરોધ જોઈને એ એની ઉપર ગુસ્સે થઈ ગયા.

સંસારમાં ભૂલોને સમજનારા અને સમજીને સુધારનારા માનવો ઘણા ઓછા હોય છે. ભૂલોને બતાવનારા પ્રત્યે નારાજ બનનારા કે ક્રોધે ભરાનારા માનવોની અછત નથી હોતી. ઉદ્દાલક મુનિ એવા માનવોમાંના એક હતા. એમણે નચિકેતાની નીતિસંગત સાચી સલાહને પણ લક્ષમાં ના લીધી. નચિકેતાએ જણાવ્યું કે દાન તો જેવી તેવી વસ્તુનું આપવાને બદલે પોતાની પ્રિય અને સારી અથવા ઉત્તમ વસ્તુનું આપવું જોઈએ. તમારે માટે સૌથી પ્રિય તો હું છું. તો મને કોને આપો છો ? એના પિતાએ જણાવ્યું કે તને મૃત્યુને આપું છું. એટલે નચિકેતા મૃત્યુના સ્વામી યમદેવને ત્યાં જવા તૈયાર થયો. કઠ ઉપનિષદનો આરંભ એવી અવનવી, સરસ છતાં પણ કરુણ કથા દ્વારા થાય છે.

યમ અને નચિકેતાના સંવાદ વખતે નચિકેતાએ સ્વર્ગલોકનું વર્ણન કરતા જે ઉદ્‌ગારો કાઢ્યા છે તે ઉદ્‌ગારો સ્વર્ગલોકની વિચારણાની દૃષ્ટિએ ખૂબ જ મનનીય છે. એમના ઉપરથી સ્વર્ગલોકના સ્વરૂપનો ખ્યાલ આવે છે. આપણે ત્યાં વિદ્વાનોએ સ્વર્ગલોકસંબંધી જુદા જુદા વિચારો પ્રદર્શિત કર્યા છે. એવા

વિચારો પરથી કોઈપણ નિશ્ચયાત્મક અભિપ્રાય પર પહોંચતાં પહેલાં નચિકેતાના ઉદ્ગારોને ખાસ લક્ષમાં લેવા જોઈએ. નચિકેતા કહે છે કે સ્વર્ગલોકમાં કોઈપણ પ્રકારનો ભય નથી, અને વૃદ્ધાવસ્થા પણ નથી આવી શકતી. ક્ષુધા તથા તૃષા બંનેથી મુક્તિ મેળવીને સ્વર્ગલોકમાં રહેનાર શોકરહિત બનીને આનંદ કરે છે.

**स्वर्गे लोके न भयं किंचनास्ति**
**न तत्र त्वं न जरया विभेति ।**
**उभे तीर्त्वाशनायापिपासे**
**शोकातिगो मोदते स्वर्गलोके ॥**

કઠોઉપનિષદના એ વર્ણન પરથી એટલી હકીકત તો સ્પષ્ટ થાય છે કે સ્વર્ગલોક વિશે નિર્ણય કરતી વખતે એ લોક ક્ષુધા, તૃષા, વૃદ્ધાવસ્થા, ભય અને શોક વગરનો છે એ મુદ્દો લક્ષમાં લેવો જોઈએ. જે વિદ્વાનો કે વિચારકો ભારતના કે એની બહારના કોઈક સ્થૂળ પ્રદેશને સ્વર્ગલોક તરીકે ઓળખાવે છે. એમણે એ મુદ્દા પર ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. ભારતમાં કે ભારતની બહાર આપણી આ પ્રાકૃત પૃથ્વીમાં જો ક્ષુધા-તૃષા, ભય-શોક, કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી રહિત કોઈ પ્રદેશ ના હોય તો એ પ્રકારની અસાધારણ યોગ્યતા કે ગુણવત્તાવાળો પ્રદેશ આપણી આ પ્રાકૃત પૃથ્વીની બહાર સૂક્ષ્મ રીતે ક્યાંક અન્યત્ર અસ્તિત્વ ધરાવતો હોવો જોઈએ. એવા અનુમાન પર આપોઆપ અને સહેલાઈથી પહોંચી શકાય છે. એનો સીધોસાદો અર્થ એ થયો કે આપણી પૃથ્વી સિવાયના અન્ય ગ્રહો પર જીવન



હોવું જોઈએ. એ જીવન સ્થૂળ હશે કે સૂક્ષ્મ અને પંચમહાભૂતના શરીરોવાળું હશે કે ઓછાં મહાભૂતનાં શરીરોવાળું એ વિષય જુદો અને સંશોધકોએ શોધી કાઢવાનો છે.

સ્વાનુભૂતિ એમાં સૂર પૂરાવે છે. ધ્યાનની અતરંગ સાધનામાં આગળ વધનારા સાધકોને કેટલીકવાર એવા દૈવી સ્ત્રીપુરુષોનાં દર્શનનો લાભ મળે છે. જેવાં સ્ત્રીપુરુષો આપણા જગતમાં જોવા નથી મળતાં. એમનાં શરીરો અતિશય આકર્ષક, સુંદર અને દિવ્ય હોય છે. એમના દર્શનથી અનુમાન થાય છે કે એમનો આવાસ આપણી આ પૃથ્વી બહારના કોઈક અલૌકિક પ્રદેશમાં હોવો જોઈએ.

શાસ્ત્રોમાં, ખાસ કરીને પુરાણગ્રંથોમાં, આવતા સ્વર્ગલોકના વર્ણન પરથી એક હકીકતની સ્પષ્ટતા સહેલાઈથી થઈ જાય છે કે એ લોકમાં ભારતના ભિન્ન પ્રદેશોના નિવાસીઓ અવારનવાર અને અનાયાસે જઈ શકતા. પાંડવોમાંથી યુધિષ્ઠિરે સ્વર્ગારોહણ કરેલું, અને એમની પહેલાં અર્જુને પણ ત્યાં નિવાસ કરેલો. સ્વર્ગનો એ પ્રવેશ હિમાલયના ઉત્તરીય વિભાગમાંથી કરી શકાતો. નચિકેતાનો યમપુરીનો પ્રવેશ આ માર્ગ થયેલો કે બીજે માર્ગે, અને કોઈક બાહ્ય વાહન અથવા વાતાયાતના સાધન દ્વારા થયેલો કે એના સિવાય થયેલો, એ જાણવાનું શાસ્ત્રીય સાધન કોઈ નથી. એટલે એ સંબંધી ઉપલબ્ધ થોડી ઘણી વિગતો પરથી કલ્પના જ કરવાની શેષ રહે છે.

**–શ્રી યોગેશ્વરજી**

**(ઉપનિષદનો અમર વારસો)**

## ॥ પ્રભુપાદસ્વામીનું ભગીરથ કલ્યાણકાર્ય ॥

માનવના પ્રબળ પાણીપ્રવાહની પેઠે સતત રીતે ને પ્રબળપણે પ્રવાહિત થનારા જીવનમાં સત્કર્મના અનુષ્ઠાનને માટે શક્યતા ક્યાં સુધી ? એવો પ્રશ્ન પૂછનારને કહી શકાય કે જીવનના છેલ્લા શ્વાસ સુધી. જીવનના છેલ્લા શ્વાસ સુધી માનવ સત્કર્મ કરી શકે. પોતાને ને બીજાને માટે જીવી શકે. એને માટેની વિશાળ શક્યતા એના જીવનમાં પડેલી છે. માટે તો શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે કે, અંતકાળે પણ મારું સ્મરણ કરીને જે શરીરને છોડે છે ને મહાપ્રયાણ કરે છે તે પરમગતિને પામી લે છે. એ ઉપદેશને સંભળાવનારા અને ગીતાના રૂપમાં એવા એવા અનેકવિધ શ્રેયસ્કર સદુપદેશોને પ્રદાન કરનારા કૃષ્ણ ભગવાને જીવનના છેવટના સમય સુધી સેવાકાર્ય કરેલું. એંસી વરસની પાકટ વયે પહોંચ્યા પછી પણ કર્મસંન્યાસના સ્વપ્નને સેવવાને બદલે અન્યને ઉપયોગી થવાને માટે કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં અર્જુનના રથના સારથિ થઈને પ્રવેશ કરેલો ને ભગવદ્‌ગીતાનો સનાતન સંદેશ ધરેલો. ઈશુએ અને સૉક્રેટિસે સ્થૂળ શરીરની પરિસમાપ્તિ પહેલાં જે ઉદાત્ત ઉદ્‌ગારો કાઢેલા તે વિશ્વવિખ્યાત તથા પ્રેરક બની ગયા. આદ્ય શંકરાચાર્યે વિવિધ કાર્યો કર્યાં ને મૌલિક ધર્મગ્રંથોની તથા ભાષ્યોની રચના કરી, પરંતુ પોતાની જીવનલીલાને સંકેલતાં પહેલાં 'ઉપદેશપંચકમ્' જેવી નાનકડી કૃતિને લોકકલ્યાણાર્થે તૈયાર કરી તેનું મહત્ત્વ કાંઈ નાનું સરખું નથી માનતું. વિદ્વાનોમાં



ને પંડિતપ્રવરોમાં પણ એ કૃતિ અતિશય આદરપાત્ર મનાય છે. 'વાલ્મીકિ રામાયણ'ની રચના સ્વનામધન્ય મહર્ષિ વાલ્મીકિએ અને રામચરિતમાનસની રચના સંતશિરોમણિ તુલસીદાસે એમના જીવનની ઉત્તરાવસ્થામાં જ કરેલી. ઈશ્વર કોના દ્વારા, ક્યારે શું કરાવવા માગે છે તે તે જ જાણે છે. એ કોને ક્યારે ક્યા કાર્યવિશેષ માટે પસંદ કરે છે ને યશસ્વી બનાવે છે એ સંબંધી કશું જ ચોક્કસપણે કલ્પી કે કહી શકાતું નથી.

સિત્તેર વરસનો સમય સામાન્ય માનવ માટે કાંઈ નવા વિશાળ કલ્યાણકાર્યનો આરંભસમય ના ગણાય. એ ઉંમરે મોટા ભાગના માનવો નિવૃત્ત જીવન જીવવાનાં સ્વપ્નાં સેવે ને નિવૃત્તિ લે પણ ખરા. પરંતુ પ્રભુપાદસ્વામીએ એ ઉંમરે ભારતની બહારની પશ્ચિમની દુનિયામાં સદ્‌ગુરુના શુભાશીર્વાદ સાથે પ્રવેશ કર્યો. ચૈતન્ય મહાપ્રભુના બંગાલ પ્રદેશમાં પ્રાદુર્ભાવ પામી, વૃંદાવનની ભક્તિભાવ ભરેલી પવિત્ર ભૂમિમાં કેટલાક કાળપર્યંત વાસ કરી, ઈશ્વરની ઇચ્છા પ્રમાણે ધર્મપ્રસારણ દ્વારા માનવના અંતરાત્માને આલોકિત કરવા સમુદ્રની પારના પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું. ભગવદ્‌ગીતાના ગાયક ભગવાન કૃષ્ણે એંસી વરસે ગીતાની સર્વશ્રેયસ્કરી સનાતન વાણી સંભળાવી તો એમણે સિત્તેર વરસે એવી વાણીને વહેતી કરવાની પ્રેરણા ઝીલી એમાં કાંઈ આશ્ચર્યકારક નહોતું. એ કલ્યાણકાર્ય એમના એ પરમ આરાધ્ય ઈષ્ટદેવ ભગવાન કૃષ્ણના જીવનસંદેશને અનુરૂપ જ હતું.

કોઈ પણ સત્કાર્ય કરવાનું હોય અને એ પણ એકદમ નવા

જ પ્રદેશવિશેષમાં નવી જ સભ્યતાવાળા માનવસમાજની વચ્ચે વસીને, એટલે આરંભમાં અંતરાયો તો આવે જ. એ અંતરાયોમાંથી આગળ વધીને, મુસીબતોમાંથી માર્ગ કાઢીને, ઈશ્વર પરની અનંત શ્રદ્ધા-ભક્તિ દ્વારા એ આગળ વધ્યા. એમણે કૃષ્ણ કૉન્શિયસનેસ સંસ્થાની સ્થાપના કરી. ગીતા, ભાગવત, ઉપનિષદ પરનાં અભ્યાસપૂર્વકનાં પુસ્તકો તૈયાર કર્યાં. મંદિરો રચ્યાં, માનવોનાં જીવનપરિવર્તન કર્યાં; અને 'હરે કૃષ્ણ હરે રામ' મંત્રને જ્યાં ગયા ને રહ્યા ત્યાં સર્વત્ર ગાજતો કર્યો. દુનિયાના વિભિન્ન દેશોમાં એમનો કૃષ્ણભક્તિનો સંદેશો વહેતો થયો. એવી રીતે એમના જ્યોતિર્મય જીવનકાળ દરમિયાન જ એમણે એમના સોનેરી સ્વપ્નને અલ્પ અથવા અધિક અંશે સિદ્ધ થતું જોયું. એમણે પાયાનું પ્રાણવાન કાર્ય તો એ કર્યું કે માનવના જીવનની ઉત્ક્રાંતિ માટે ક્રાંતિ કરી. લાખો લોકોને દારૂ પીતા, માંસાહાર કરતા, ધૂમ્રપાનનો આધાર લેતા, ભોગવિલાસમય ભૌતિક જીવન જીવતા બંધ કર્યા ને પવિત્ર આહારવિહાર, વિચાર અને ઉત્તમ આચારના મંગલમય માર્ગે વાળી દીધા. એમની પ્રેરણા માટે મંદિરોનું અને ધર્મસાહિત્યનું નિર્માણ કર્યું. એવા ભગીરથ કલ્યાણકાર્યની સિદ્ધિ બારેક વરસ જેટલા અલ્પ સમયમાં સાધીને એમણે ભારતની પુણ્યભૂમિ વૃંદાવનમાં સ્થૂળ શરીરનો પરિત્યાગ કર્યો. એમનું નામ ને કામ અમર બન્યું. જીવન ને મરણ ધન્ય થયું.

**–શ્રી યોગેશ્વરજી**

**(સમંદરને પેલે પાર)**



# ॥ પુષ્પપૂજા ॥

## (ભગવાન શ્રી રમણમહર્ષિની દૃષ્ટિએ)

રામનાથપુરમ્‌માં રહેતાં એક ધનવાન મહિલા હમણાંથી પોતાના બગીચાની જૂઈનાં ફૂલ એક ટોપલી ભરીને લાવતાં અને કક્ષમાં બેઠેલી સૌ પરિણિત સ્ત્રીઓને આપતાં. ભગવાને (શ્રી રમણ મહર્ષિએ) ચાર-પાંચ દિવસ સુધી તો આ બધું જોયા કર્યું પણ કશું કહ્યું નહિ. એક દિવસ પેલાં મહિલાએ ફૂલોની ટોપલી ભગવાનની સામેના બાજઠ પર મૂકી, પછી ભગવાનને પ્રણામ કરીને ઊભાં થયાં. ભગવાને પોતાની નજીક બેઠેલા એકને કહ્યું; 'જુઓ તો ! એ કશુંક લાવ્યાં છે. કદાચ ફૂલો હોય એવું લાગે છે, શા માટે ?'

એમણે થોડીક બીક સાથે કહ્યું; 'એ ભગવાન માટે નથી, પરણેલી સ્ત્રીઓ માટે છે' અને પછી વહેંચવા લાગ્યાં.

'ઓહ ! જો એમ હોય તો એ એમને એમના ઘેર પણ વહેંચી શકાય. અહીં શા માટે ? જો એક જણ ફૂલ વહેંચશે તો બીજા બધાં પણ એમ જ કરવા માંડશે. નવા આવેલા લોકોને લાગશે કે ફૂલો તો વહેંચવાં જ જોઈએ. એટલે ખરીદીને લાવશે. પછી સંકટ શરૂ થશે. હું ફૂલોને કદી હાથ લગાડતો નથી. કેટલાક સ્થળોએ ફૂલોના હાર ભેટ આપવાની પ્રથા હોય છે. મેં કોઈ દિવસ લોકોને પગની કે માથાની પૂજા કરવા દીધી નથી, આ બધી પ્રથાઓની શી જરૂર છે ?' ભગવાન બોલ્યા.

બીક અને ગભરામણ સાથે એ બેન બોલ્યાં, 'ના, હવે પછી હું નહિ લાવું.'

ભગવાને કહ્યું; 'બરાબર, એ સારી વાત છે.' અને પછી

આસપાસના લોકો તરફ જઈ બોલ્યા; 'તમે જાણો છો કે એક વખત જયંતિઉત્સવ વખતે શું થયું હતું ? એક ભક્ત 'પુષ્પાંજલિ' નામનું એક પોતે છપાવેલું પુસ્તક લઈ આવ્યા અને કહ્યું કે વાંચવું છે. મેં હા પાડી. એટલે થોડાક પાછળ જઈને ઊભા રહ્યા અને વાંચવાનું શરૂ કર્યું; એમણે પોતાના ખોળામાં કદાચ ફૂલ સંતાડી રાખ્યાં હતાં. જેવું વાંચન પૂરું થયું કે મારા પગ ઉપર ફૂલના ગુચ્છ પડ્યા. પૂછતાં ખબર પડી કે પહેલાં પૂછશે તો હું ના પાડીશ. શું કરવું ? કદાચ એમના માનવા પ્રમાણે એ રીતે કરવામાં ન આવે તો એ પૂજા ન કહેવાય એવું હશે.'

હું અહીં રહેવા આવી ત્યારે શરૂઆતના દિવસોમાં 'વરલક્ષ્મી' પૂજાને દિવસે એક બે સ્ત્રીઓએ ભગવાનના પગ પર ફૂલ મૂક્યાં, એમને નમન કર્યાં અને પૂજાની પરવાનગી લઈને ગઈ. બીજે વર્ષે બધી સ્ત્રીઓએ એમજ કરવા માંડ્યું. ભગવાને ગુસ્સાથી એમની સામે જોઈને કહ્યું; 'આ થયું. એક પછી એક બધાએ શરૂ કરી દીધું છે. શા માટે ? મેં શરૂઆતમાં ચુપકી રાખી એનું જ પરિણામ છે. બહુ થયું હવે.'

પોતાની જ પૂજા માટે નહિ. દેવી-દેવતાઓની પૂજા માટે પણ ભગવાન હળવો ઠપકો આપે છે કે, 'ફૂલપાનનો ઉપયોગ ન કરવો.' એ દિવસોમાં ભગવાન ભક્તો સાથે ગિરિપ્રદક્ષિણા કરવા જતા. ત્યારે સૌ ગૌતમ આશ્રમ પર પડાવ કરીને એક સવારે રોકાયેલ જ્યારે સ્ત્રી પુરુષોએ રસોઈ કરી, જમીને આરામ લીધો અને સૌ ઉપડવાની તૈયારીમાં હતા જેથી સૂર્યાસ્ત પહેલાં આશ્રમ પહોંચી જવાય. તે વખતે તિરુચળિમાં જન્મેલાં લક્ષમ્મા નામનાં એક સ્ત્રીભક્ત જે ભગવાનનાં બાળપણનાં મિત્ર હતાં



અને ભગવાન સાથે કુટુંબીની જેમ વાત કરતાં હતાં તે એક ટોપલીમાં જૂઈ-તેગંડુનાં ફૂલો તોડી તોડીને ભરતાં હતાં, જે ત્યાં સ્મશાનની આસપાસ ખૂબ ખીલેલાં હતાં.

ભગવાને આ જોયું અને હસીને પૂછ્યું; 'લક્ષમ્મા શું કરે છે ?' એણે કહ્યું 'હું ફૂલ તોડું છું.' ભગવાન કહે; 'હા, જોઉં છું ને એ શું તારું કામ છે ?' એ પણ ઠીક, પણ આટલા બધાં ફૂલ નહિ ચડાવે તો એ પૂજા નહિ કહેવાય ? એમને લક્ષમ્માએ જવાબ આપ્યો; 'એ મને ખબર નથી પણ આ વૃક્ષો ઉપર એટલાં બધાં ફૂલો છે એટલે તોડું છું.'

ભગવાને કહ્યું; 'હવે હું સમજ્યો ! તારા માનવા પ્રમાણે ઝાડ પર ઢગલાબંધ ફૂલો ન હોવાં જોઈએ. એટલે તમે એને ઉઘાડા કરી દેવા માગો છો. તમે એ ગુચ્છે-ગુચ્છાનું સૌંદર્ય જોયું નથી અને તમે નથી ઈચ્છતા કે કોઈ બીજું એ જુએ. તમે એને પાણી પાયું છે, એને ઉગવામાં મદદ કરી છે, ખરું ને ? એટલે બધાં જ ફૂલ તોડી લેવાની અને ઝાડને નગ્ન કરી દેવાની તમને છૂટ છે; જેથી કોઈ બીજું એ સુંદરતા ન જુએ. એટલું કરશો ત્યારે જ તમને તમારી પૂજાનું પૂરેપૂરું ફળ મળશે ખરું કે ?

**—સૂરિ નાગમ્મા**

**(પત્રો-સંસ્મરણો)**

'ફૂલ તો પરમાત્માની સુગંધ, પરમાત્માનાં રૂપ-રસ છે; પરમાત્મા સ્વયં છે. એને તોડીને-નષ્ટ કરીને તમે એની પૂજા કરશો ? કરી શકશો ?'

## ॥ શ્રી અવધૂતજી અને શ્રી વિનોબાજી ॥

[૧૯ ડિસે. ૧૯૫૮માં પૂ.વિનોબાજીના વિશ્રામસ્થળે સરખેજ પાસેના એક જીનમાં પૂજ્યશ્રી અવધૂતજીએ સપ્રણામ સૂતરની નવ આંટીઓ સાથે પૂ.વિનોબાજીનું સન્માન કર્યું. ત્યારબાદ બંને વચ્ચે 'માર્મિક સંવાદ' થયો.]

**વિનોબાજી :** હાલમાં શું ચાલે છે ?

**અવધૂતજી :** મારા નાનાભાઈ ગુજરી ગયા ત્યારથી પૂજ્ય માતૃશ્રી સાથે રહે છે, એટલે તેમની સેવાને સ્વધર્મ માની, એ સેવા સંભાળી, કોઈપણ જાતની જાહેરાતબાજી વગર સહજ ભાવે જે કંઈ આવે મળે તો કરું છું. આજના ભૂદાન વિશે જ બોલવાનું હોય તો હું રહું છું તે અવધૂતનિવાસના ટ્રસ્ટના પ્રમુખે જ ભૂદાનમાં સો એકર જમીન આપી છે અને સ્થાનના અન્ય ભક્તોએ મળી લગભગ હજારેક વીંઘા આપી હશે.

**વિનોબાજી :** સેવામાં શું કરો છો ? રસોઈ ?

**અવધૂતજી :** એમના માટે કાવડથી નર્મદાજીનું પાણી લાવતો. પણ હવે ચારપાંચ વરસથી આંખે ઈજા થવાથી એ સૌભાગ્યથી વંચિત બનવું પડે છે. અને રસોઈ તો એ જાતે જ બનાવે છે. મારે તો સર્વસામાન્ય દેખરેખ પૂરતી વિચારપૂછ જ કરવાની હોય છે. આવનાર-જનાર પોતાની સગી મા કરતાં પણ વધારે સદ્‌ભાવ રાખે છે. છતાં મારી હાજરીની અત્યંત આવશ્યકતા રહે છે.



**વિનોબાજી :** છેલ્લે ક્યારે મળેલા ?

**અવધૂતજી :** '૨૧, '૨૨ની સાલ હશે. આપ સેવાગ્રામ ગયા પછી મળવાનો સુયોગ આજે જ આવે છે, પણ

'દૂરસ્થોઽપિ સમીપસ્થો યો યસ્ય હૃદિ વર્તતે ।
યો યસ્ય હૃદયે નાસ્તિ સમીપસ્થોઽપિ દૂરગઃ ॥'

**વિનોબાજી :** કંઈ નિયમિત સ્વાધ્યાય-પ્રવચન જેવું રાખ્યું છે ?

**અવધૂતજી :** 'અવધૂતસ્ત્વનિયમઃ' જીવનમાં કંઈ જ નિયમબદ્ધ નથી રહી શક્યું, કોકવાર વાંચું છું. પ્રવચન જેવું નહિ પણ સદ્‌ભાવે પૂછનારને યથામતિ સમજાવવાનું પણ બને છે.

**વિનોબાજી :** વાતચીતમાં ખાસ શાના પર ઝોક હોય છે ?

**અવધૂતજી :** ખાસ તો 'પરસ્પરદેવો ભવ' એ સ્વયંસ્ફૂર્ત સૂત્ર પર ભાર મૂકી બોલવાનું થાય છે.

(પરસ્પર હાસ્યમુદ્રા સાથે હાથ હલાવી બે વિભૂતિઓએ વિદાય લીધી.)

**—સંકલન : શ્રી ધીરુભાઈ જોષી, ડૉ. સુભાષ દવે**
**(શરણાગતનો તારણહાર)**

'જેની આંખો શુદ્ધ છે તેની આગળ પદાર્થો ખોવાઈ જાય છે, પરમાત્મા પ્રગટ થાય છે. જેની ઘ્રાણેન્દ્રિય શુદ્ધ છે તે પરમાત્માની સુગંધ સિવાય બીજી કોઈ સુગંધ અનુભવી શકતા નથી.'

## ॥ ઈકિગાઈ ॥

ઈકિગાઈ...

આપણા માટે નવો શબ્દ છે, પણ જાણવા જેવો છે, જાદુઈ શબ્દ છે. ઈકિગાઈની સમજણ આપણા જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

'ઈકિગાઈ'....

એક જાપાનીઝ શબ્દ છે.

જાપાની સંકલ્પના છે.

જીવન જીવવાની પદ્ધતિ છે.

વિશાળ અર્થમાં વપરાય છે.

એનું અર્થઘટન વ્યક્તિએ વ્યક્તિએ અલગ છે અને આનંદની વાત છે કે પ્રત્યેક વ્યક્તિનું અર્થઘટન સાચું છે, પ્રત્યેક વ્યક્તિની સમજ સાચી છે.

એકવીસમી સદીને century of Anxiety કહી શકાય. અહીં પ્રત્યેક માનવ દોડતો દેખાય છે, ગઈકાલ કરતાં આજે વધારે ઝડપથી દોડતો ને હાંફતો દેખાય છે. એ માનવને પૂછો કે "ભાઈ, તમે કેમ દોડો છો ? કઈ દિશામાં દોડો છો ? આ દોડને અંતે તમને શું મળશે ?" તો મોટાભાગનાં માનવોનો એક જ જવાબ છે કે "બધાં દોડે છે, માટે હું પણ દોડું છું. બધાં જે દિશામાં દોડે છે, હું પણ એ જ દિશામાં દોડું છું કારણ કે આટલાં બધાં માનવો ભૂલ થોડી કરતા હશે અને એ બધાંને જે મળશે તે મને પણ મળશે." આજના માનવને ટોળામાં દોડવાની ટેવ પડી ગઈ છે, પરિણામે આજના માનવની દિશાશૂન્ય દોડ, એના જીવનની અજંપાભરી સ્થિતિમાં વધારો કરે છે.



હું વર્ષોથી personal અને couple counselling કરું છું. લગભગ બધાં જ પેશન્ટને એક કાગળ અને પેન આપીને કહું છું કે આજના દિવસમાં એણે અનુભવેલી આનંદની ક્ષણો એક એક વાક્યમાં લખો. તમને જાણીને આશ્ચર્ય થશે કે ૨૪ કલાકની જિંદગીમાં બનતી અસંખ્ય ઘટનામાંથી, ફક્ત દસ આનંદની ઘટના લખતાં લખતાં તો તેઓ પરસેવે રેબઝેબ થઈ જાય છે. પણ હું જ્યારે એમને એમના પતિ કે પત્નીના દસ અવગુણ લખવાનું કહું તો પાંચ મિનિટમાં ૨૦-૨૫ અવગુણ ફટાફટ લખી નાખે છે.

આવું કેમ ?

મારા counsellingમાં કેટલાક પ્રશ્નો common હોય છે. હું મારા પેશન્ટને પૂછું છું કે તમને તમારા જીવનમાં કઈ વાતનો અફસોસ છે ? તમે કઈ વસ્તુથી દુઃખી છો ?

જે સાચા જવાબ સાંભળવા મળે છે તે છે :

—મારે આ કુટુંબમાં જન્મ લેવો નહતો જોઈતો.

—મારે માટે આ પતિ/પત્ની બરાબર નથી.

—મારી એ ભૂલ થઈ કે હું આ કૉલેજમાં ભણ્યો.

—મારે આ નોકરી/ધંધો કરવો જોઈતો ન હતો.

—મારે પરદેશમાં સ્થિર થવું જોઈતું હતું (તો કોઈને પરદેશથી પાછા ફરવું છે.)

—કોઈ કહે છે મારે સરકારી નોકરી કરવી જોઈતી હતી તો કોઈને લાગે છે એણે પ્રાઈવેટ નોકરી કરવી જોઈતી હતી.

—શિક્ષકને થાય છે કે બૅંકની નોકરી હંમેશાં સાચી હોય છે તો બૅંકવાળાને શિક્ષકની નોકરી ગમે છે.

—મારા ઘણા મિત્રો ડૉક્ટર છે. મારા ઘણા ડૉક્ટર મિત્રોને એના પેશન્ટ ભગવાન માને છે. પણ મને ખબર છે કે એ

ડૉક્ટર મિત્રોને ડૉક્ટર થવા બદલ અફસોસ થાય છે.

—હાઉસવાઈફ (Housewife)ને નોકરી કરવી છે તો નોકરી કરતી બેનને નોકરીમાંથી છૂટકારો જોઈએ છે.

—એકવીસમી સદીમાં તો શહેરોમાં રહેતા લોકોને ગામડામાં ફાર્મ હાઉસ બનાવીને ચોખ્ખા દૂધ-ઘી ખાવાં છે અને શ્વાસમાં ચોખ્ખી હવા ભરવી છે તો એ જ ગામડાના માનવોને શહેરનું આકર્ષણ સતાવે છે.

—તમારામાંથી પણ ઘણાંને આ સંસાર છોડીને એકાંતમાં જતા રહેવાની ઈચ્છા થતી હશે, પણ હું એવા સાધુ-સંન્યાસીને ઓળખું છું જેમને પોતાના ભગવા વસ્ત્રોનું ગૌરવ નથી, સાધુ બન્યાનું દુ:ખ છે.

આ મનોદશા માટે કોણ જવાબદાર છે ? એનો કોઈ ઉપાય ખરો ? શું ઉપાય છે ?

તમને જાણીને આઘાત લાગશે કે જ્યારે હું counsellingમાં પૂછું છું કે "શું તમને આ જ પતિ કે પત્ની આવતા જન્મે જોઈએ છે ?"

તો દસમાંથી સાત પતિ/પત્ની મારો પ્રશ્ન પૂરો થતાંની સાથે "ના" પાડી દે છે. ઘણાં તો કહે છે કે "સાહેબ, આ જન્મે મળ્યાં તો મળ્યાં, પણ હવે તો બે હાથ ને ત્રીજું માથું !"

હું તો ઘણીવાર પૂછું છું પણ ખરો કે "લગ્નમંડપમાં સપ્તપદીના સૂર સાથે સાત જન્મો સાથે રહેવાનાં વચન આપ્યા હતાં તેનું શું ?"

'સાહેબ, અમારો આ સાતમો જ જન્મ છે.'

ભગવાન પણ ઉપરથી હસતા હશે કે જે જોડીને મેં બનાવી છે, જેને મેં પસંદ કર્યાં છે, જે હેતુથી લગ્ન કરાવ્યા છે તેમને પણ એકબીજાથી દુ:ખ અને આટલો બધો અસંતોષ છે.



આવું કેમ ?

આ બધાં જ પ્રશ્નોનો જવાબ છે : ઈકિગાઈ.

ઈકિગાઈનો સાદો અર્થ છે :

"હંમેશાં વ્યસ્ત રહેવાથી મળતો આનંદ."

"સંઘભાવનાથી જીવવાની ટેવ અને પરસ્પર મદદરૂપ થવાનો સ્વભાવ અને પરસ્પર પ્રેમ અને આદરપૂર્ણ વ્યવહાર કરવાથી મળતો આનંદ."

પરંતુ ઈકિગાઈનો ગહન અર્થ છે કે "તમારે તમારા જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય શોધી કાઢવો, તમને તમારા જીવનનો મકસદ બરાબર ખબર છે, તમે તમારા જીવનના પ્રેરકબળથી પૂરેપૂરા પરિચિત છો, તમે તમારા જીવનનો મુખ્ય હેતુ શોધી કાઢ્યો છે."

ઈકિગાઈનું અર્થઘટન એ નથી કે તમે મહાન કામ જ કરવાને જ ઈકિગાઈ ગણો છો.

તમારો ઈકિગાઈ તમને ૨૪×૭ વ્યસ્ત અને આનંદમાં રાખે છે, ૨૪×૭ positive સ્થિતિમાં રાખે છે, પછી તમને મારા જેવો કોઈ counsellor આનંદની દસ ઘટના લખવાનું કહે તો તમે ૧૦૦ ઘટના લખી આપો છો.

ઈકિગાઈથી જીવન જીવવાની side effect એ છે કે તમે નાના મોટા કામમાં ડૂબી જાઓ છો, એક flow તમને આનંદ આપે છે, પછી એ સંગીત કે ચિત્રકલા હોય, બગીચામાં કામ કરવાની ટેવ હોય કે સવાર સાંજ મિત્રો સાથે ચાલવાની ટેવ હોય. ધ્યાન કરવાની ટેવ હોય કે જપ-પ્રાર્થના, સમાજસેવા હોય કે પાડોશીને મદદ કરવાની ટેવ, નોકરી હોય કે ધંધો, કામ હોય કે નિવૃત્તિ, આ પતિ/પત્ની મળે કે નવા પતિ/પત્ની, દેશ

હોય કે પરદેશ, સરકારી નોકરી હોય કે પ્રાઈવેટ નોકરી. તમારો ઈકિગાઈ તમને આનંદ આપે છે.

દુઃખની વાત એ જ છે કે મોટાભાગનાં માનવને એમના જીવનનો મુખ્ય મકસદ-હેતુ-ઉદ્દેશ્ય જ ખબર નથી. એવી વ્યક્તિ માટે આ દશ નિયમ મદદરૂપ સાબિત થશે.

(૧) હંમેશાં કાર્યરત રહો ને કદી સેવાનિવૃત્ત ન થાવ.

(૨) કોઈપણ કામ ઉતાવળમાં ન કરો.

(૩) પેટ ભરીને ન ખાવ.

(૪) સારા મિત્ર-પરિવાર રાખો.

(૫) આગલા જન્મદિવસે વધારે તંદુરસ્ત બનો.

(૬) હસતા રહો.

(૭) કુદરત-પ્રકૃતિ સાથે જોડાયેલાં રહો.

(૮) હંમેશાં બધાંને ધન્યવાદ આપતા રહો.

(૯) વર્તમાનમાં જીવો.

(૧૦) પોતાના ઈકિગાઈ પ્રમાણે જીવન જીવો.

ઈકિગાઈ સ્પષ્ટ થવાથી, તે પ્રમાણે જીવન જીવવા માટે તમે કોઈપણ હદ સુધી મહેનત કરવા તૈયાર થશો. તમારી પરિસ્થિતિ ગમે તેટલી વિપરીત હશે તો પણ તમે ઈકિગાઈ સાથે કોઈપણ બાંધછોડ નહિ કરશો. તો જ તમે સાચો ઈકિગાઈ શોધ્યો છે, એમ કહી શકાય. તમને તમારા જીવનમાં ઈકિગાઈની પ્રાપ્તિ થાઓ, જે તમને ૨૪×૭ આનંદમાં રાખે, એ જ અભ્યર્થના.

**–ડૉ. હિમાંશુ પાઠક**

**(પ્રસાદ ઢાયરેના અનુવાદ 'ઈકિગાઈ'માંથી પ્રેરિત)**



## ॥ સમ્યક્ શ્રવણ એટલે શું ? ॥

જ્યારે કોઈ બોલતું હોય ત્યારે તમે માત્ર સાંભળો, વિચારો નહિ. કેમકે તમે વિચાર્યું કે ધુમાડો ઊભો થયો ! તમારા વિચાર શ્રવણમાં મિશ્રિત થતાં જે સાંભળવાનું છે તે ચૂકી જશો. અવાજ તો કાન પર પડશે, શબ્દો સંભળાશે, પણ સમજાશે નહિ.

તમારા ઘરમાં આગ લાગી હોય ને રસ્તા પર કોઈ ગીત ગાઈ રહ્યું હોય તો શું એ ગીત તમે સાંભળી શકશો ? તમારું મન ચિંતાથી ભરેલું છે, ગીતના અવાજ અથડાશે, ધ્વનિ કાને પડશે પણ કશું સમજાશે નહિ.

એટલે જ્યારે બોલાતું હોય ત્યારે તમે ચૂપ રહો. તમારી ભીતર કોઈ વિચાર-તરંગ નહિ ચાલતા હોય ત્યારે સાંભળવું શુદ્ધ બનશે. જ્ઞાનીઓ જુએ છે, સાંભળે છે પણ અંદર કોઈ વાસના નથી એટલે એમની ઈન્દ્રિયો શુદ્ધ હોય છે. ભીતર સ્થિર હોવાથી એમની સંવેદના સહજ-પરિપૂર્ણ થઈ હોય છે. એથી એ પક્ષીનું ગીત સાંભળશે એવું તમે નહિ સાંભળી શકો. ક્ષુદ્રથી ક્ષુદ્રમાં એમને વિરાટ દેખાય છે. 'ઓમકાર' તો ચોતરફ ગુંજે છે પણ શુદ્ધ કાનને જ એ સંભળાય છે.

જીસસ પોતાના શિષ્યોને કહેતા : 'જેની પાસે આંખો હોય એ જોઈ લે. ને જેની પાસે કાન હોય તે સાંભળી લે.' હવે જે પણ એમની આસપાસ હતા એ સર્વેને આંખો હતી, કાન હતા. તો જીસસનું આમ કહેવામાં પ્રયોજન શું હશે ? 'તમે મારી સામે

બેઠા છો. આંખ-કાન છે તમારી પાસે. પણ તમે જે જુઓ છો, એ એ નથી ! ને તમે જે સાંભળો છો એ તેનાથી જે કહેવાયું નથી ! અર્થાત્ તમારી વાસના તમારી દૃષ્ટિ-શ્રવણ સાથે ભળી જાય છે. તમે બધું 'અશુદ્ધ' કરી દો છો.'

એક યહૂદી ફકીર જે બોલતા તે તેના શિષ્યો લખી લેતા. તેઓશ્રી તેમને હંમેશ કહેતા : 'લખી લો, જે મેં કહ્યું નથી. અને એ પણ લખી લેજો કે જે તમે લખી રહ્યા છો, એ મેં કહ્યું નથી.' અર્થાત્ જ્ઞાનીઓ જ્યાંથી બોલે છે એ એક એવો છેડો છે, જે 'અજ્ઞાત' પર ટક્યો છે. ને આપણે જ્યાં ઊભા હોઈએ છીએ તે સીડીનો બીજો છેડો છે. જે 'જ્ઞાત' પર ટકેલો છે. તેથી જ્ઞાની અને આપણી વચ્ચે 'સંવાદ થવો અસંભવ' છે.

જ્ઞાની જે કહેશે એ આપણે સમજી નહિ શકીએ ને જે સમજીશું એ એણે કદી કહ્યું નહિ હોય !

**—સંકલન**

હૃદયમાં ઊંડા ઊતરો, ત્યાં રહેલી પરમ પૂજ્ય ને પરમાનંદરૂપ સત્તાને વિલોકો. વારંવાર તેને બહુ માનથી મનોમન વંદન કરો, જગતને ભૂલો ને વૃત્તિને તેમાં જ લીન કરો. હવે તમે નથી, અન્ય કોઈપણ નથી, માત્ર તે દૈવીસત્તા જ વિલસી રહી છે એમ પ્રતીત થશે.

**—શ્રીનાથભગવાન્**
**આનંદાશ્રમ બીલખા**



# ॥ એક સૂફીકથા ॥

## (તમારું સ્વર્ગ તમારી સાથે છે)

યહૂદી ફકીર બાલસેન મૃત્યુ બાદ સ્વર્ગમાં પહોંચ્યો. ત્યાં એણે જોયું કે મોટા મોટા યહૂદી ફકીરો શાસ્ત્રોનું અધ્યયન કરી રહ્યા છે. બાલસેનને આશ્ચર્ય થયું, સ્વર્ગમાં ગયા પછી શાસ્ત્રોની શી જરૂર ? અહીં પણ જો શાસ્ત્રોના પાઠ ચાલી રહ્યા છે તો પછી મંઝિલ ક્યાં ?

જે દેવદૂત એમને સ્વર્ગમાં ફેરવી રહ્યો હતો તેણે કહ્યું. 'સાંભળો સંત સ્વર્ગમાં નથી હોતા, સ્વર્ગ સંતોમાં હોય છે. સ્વર્ગ કોઈ સ્થળ નથી, જ્યાં સંતો પ્રવેશ કરે છે. સ્વર્ગ એક ભાવદશા છે, જે સંતોની ભીતર હોય છે.' તમે થોડા સ્વર્ગમાં પ્રવેશ કરશો ? સ્વર્ગ તમારામાં પ્રવેશ કરશે. ફકીરો દ્વાર આપે તો સ્વર્ગ તેમનામાં પ્રવેશે. પણ એમનાં દ્વાર વાસનાઓથી બંધ છે. એટલે સ્વર્ગમાં પણ તેઓ પહોંચી જાય છે છતાં કોઈ ફરક પડતો નથી. તેઓ શાસ્ત્રો જ વાંચશે. એ જ ગ્રંથો વાંચતા રહેશે જે ખરેખર વધારે આગળ જવાનો ઉપાય છે.

સ્વર્ગ ઉપર કંઈ નથી તો પણ તમે પોતાની સીડી લઈ જશો. તમે નાવને માથા પર લઈને ચાલશો જ. ભલે તમે એ કિનારા પર કેમ ન પહોંચી જાઓ ! કારણ કે તમારા માટે કિનારો છોડવાનું જ સ્થાન છે, પહોંચવાનું ક્યાંક દૂર છે. પણ ખરેખર તમે તમારા ગન્તવ્ય સ્થાને આવી જ ગયા છો—છો જ ! તમારું સ્વર્ગ તમારી સાથે જ છે.

**—સંકલન**